અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ એકમ

વર્ષ : ૧૫
અંક : ૬૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ધાર્મિક યાત્રા પર પથ્થરમારાની બીજી ઘટના** | **વિધર્મી લોકોએ આ યાત્રા પર પથ્થરમારો કર્યો હોવાનું સામે આવ્યું, સેલંબામાં આગચંપીનો પણ બનાવ બન્યો**

## નર્મદાના સેલંબામાં બજરંગદળની યાત્રા ઉપર કરાયેલો પથ્થરમારો

। નર્મદા, તા.૨૯ ।

ગુજરાતમાં ગણેશ વિસર્જન અને ઈદનો તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે પોલીસ ખડેપડે રહી છે. ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ધાર્મિક યાત્રાઓ પર પથ્થરમારો કરવાની બે ઘટનાઓ સામે આવી છે. વડોદરાના મંજુસરમાં ગણપતિ વિસર્જન યાત્રા પર પથ્થરમારાની ઘટના બાદ નર્મદા જિલ્લાના સેલંબામાં બજરંગદળની યાત્રા પર અસામાજિક તત્વો દ્વારા પથ્થરમારો કર્યાની ઘટના સામે આવી છે. આ ઘટનાને લઈને પોલીસનો કાફલો રસ્તા પર ઉતરી ગયો છે અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર કાબુ મેળવવા માટે પ્રયાસ ચાલુ કરી દીધા છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે નર્મદા જિલ્લામાં બજરંગ દળની શૌર્ય જાગરણ યાત્રા પર પથ્થરમારાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ તરફ સંબંધિત પોલીસ દ્વારા સ્થળ પર પહોંચી પરિસ્થિતિ પર કાબુ મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન વિધર્મી લોકોએ આ યાત્રા પર પથ્થરમારો કર્યો હોવાનું સામે આવ્યું છે. સેલંબામાં આગચંપીનો પણ બનાવ પણ બન્યો છે. કુઈદા ગામથી સેલંબા સુધી આ શોર્ય જાગરણ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા સમગ્ર નર્મદા જિલ્લામાં ફરવાની છે. આ તરફ યાત્રા પર પથ્થરમારાની ઘટના બાદ નર્મદા જિલ્લાની ડીવાયએસપી, એલસીબી અને એસઓજીની પોલીસ ટીમો પણ સેલંબા ખાતે ઉતારી દેવામાં આવી છે. આ સાથે ટીયર ગેસના સેલ પણ છોડવામાં આવ્યા છે. નર્મદા પોલીસ દ્વારા પરિસ્થિતિ પર કાબુ મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.



### ન્યૂઝ બ્રિફ

#### ચંદ્રયાન-૩નું ચંદ્રની દિક્ષણ ધ્રુવની નજીક સોફ્ટ લેન્ડિંગની વાત ખોટી : ચીન

। નવીદિલ્હી,તા.૨૯ ।

ઈસરોના ચંદ્રયાન-૩થી સફળતાને આખી દુનિયાએ વખાણી છે પરંતુ આ સફળતા ચીન પચાવી શકતું નથી. નાસાથી લઈને યુરોપિયન યુનિયન સુધીની દરેક એજન્સીએ ભારત અને ઈસરોની સફળતાને બિરદાવી છે. ભારત ચંદ્રના દક્ષીણધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો પહેલો દેશ છે. પરંતુ ચીનને ભારતની આ સફળતાથી પેટમાં દુખી રહ્યું છે. ચીનના મૂન મિશન પ્રોગ્રામના સંસ્થાપક દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે, ચંદ્રયાન-૩નું ચંદ્રની દક્ષિણ ધ્રુવની નજીક સોફ્ટ લેન્ડિંગની વાત ખોટી છે.

#### પાક. આગમન પૂર્વે નવાઝ શરીફ સામેના ચાર કેસો ફરી ખોલવાની તૈયારી

। લાહોર,તા.૨૯ ।

પાકિસ્તાનની ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થા પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ વિરુદ્ધના ચાર ભ્રષ્ટાચાર કેસો એવા સમયે ખોલવા જઈ રહી છે જ્યારે તેઓ આગામી મહિને સ્વદેશ પરત ફરી રહ્યાં છે. તેઓ ચાર વર્ષ પછી બ્રિટનથી પાકિસ્તાન પરત ફરવાના છે. ૭૩ વર્ષીય પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (પીએમએલ-એન) સુપ્રીમો પક્ષના ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરવા માટે ૨૧ ઓક્ટોબરે લંડનથી પાકિસ્તાન પરત ફરવાના છે. લાહોર હાઈકોર્ટે ચાર સપ્તાહ માટે જામીન આપ્યા પછી નવાઝ નવેમ્બર, ૨૦૧૯માં સારવાર કરાવવા માટે લંડન જતા રહ્યાં હતાં.

**તમિલનાડુને કાવેરીનું પાણી આપવાનો ભારે વિરોધ**

## કર્ણાટકમાં બંધથી જનજીવન પ્રભાવિત, ૪૪ ફ્લાઈટ્સ રદ

**રાજ્યના વિવિધ ભાગોમાંથી વિવિધ સંગઠનોના ૫૦થી વધુ લોકોની અટકાયત પણ કરવામાં આવી હતી**

। બેંગલુરૂ, તા.૨૯ ।

તમિલનાડુને કાવેરી નદીનું પાણી આપવાના વિરોધમાં આજે કન્નડ સંગઠન 'કન્નડ ઓક્કુટા' દ્વારા કર્ણાટકમાં બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ બંધના પગલે રાજ્યમાં અસર જોવા મળી રહી છે. બંધને પગલે રાજ્યભરમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત રાખવામાં આવ્યા છે.

આજે કર્ણાટકમાં રાજ્યવ્યાપી બંધનું એલાન હોવાથી અનેક શહેરોમાં જનજીવન પ્રભાવિત છે. કન્નડ તરફી સંગઠનોએ વિવિધ સ્થળોએ વિરોધ કરીને સૂત્રોચ્ચાર કર્યા હતા, રાજ્યના વિવિધ ભાગોમાંથી વિવિધ સંગઠનોના ૫૦થી વધુ લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. આ



રાજ્યવ્યાપી બંધનું એલાન સવારે ૬ વાગ્યાથી શરુ થયુ હતું જે સાંજે ૬ સુધી ચાલુ રહેશે. આ બંધના કારણે બેંગલુરુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉપડતી ૪૪ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. એરપોર્ટ અધિકારીઓએ કહ્યું હતું કે ઓપરેશનલ કારણોસર ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે તેમજ આ અંગે મુસાફરોને જે ફ્લાઈટ્સ રદ થઈ છે તેની જાણકારી પણ આપી છે. આજે કર્ણાટકમાં બંધના એલાનના પગલે પ્રદર્શનકારીઓએ કર્ણાટકના ઝંડા સાથે બેંગલુરુ એરપોર્ટમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રદર્શનકારીઓએ એરપોર્ટ પર હોબાળો કર્યો હતો જેના પગલે પોલીસે એક્શન લઈને તાત્કાલિક ધોરણે આ પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ પાંચ લોકો પાસે ટિકિટ મળી આવી છે અને આ તમામ ટિકિટો બુક થઈ હતી. આ ટિકિટો દેખાડીને પ્રદર્શનકારીઓએ એરપોર્ટમાં ઘૂસવાનો અને વિરોધ કરવાનો પ્રયાસ કર્યો હતો જો કે તે પહેલા જ તેમની અટકાયત કરવામાં આવી હતી.

**રાજકીય વિવાદ વચ્ચે હવે કેનેડાનો સૂર બદલાયો**

## કેનેડા હજુ ભારત સાથેના સબંધ મજબૂત કરવા સમર્પિત : જસ્ટિન ટ્રુડો

**જસ્ટિન ટ્રૂડોએ એ પણ સ્વીકાર્યું કે ભારત એક વિકસતી આર્થિક સત્તા છે અને તેની અવગણના ન કરી શકાય**

। ટોરેન્ટો, તા.૨૯ ।

કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર)ની હત્યા બાદ કેનેડાએ ભારત વિરુદ્ધ નિવેદન આપતાં ભારત અને કેનેડા વચ્ચે વિવાદ વકર્યો હતો. જોકે આ રાજકીય વિવાદ વચ્ચે કેનેડાનો સૂર બદલાતો જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ કહ્યું છે કે કેનેડા હજુ પણ ભારત સાથેના સંબંધોને મજબૂત કરવા સમર્પિત છે. ટૂડોએ એ પણ સ્વીકાર્યું કે ભારત એક વિકસતી આર્થિક સત્તા છે અને તેની અવગણના ન કરી શકાય. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ જણાવ્યું હતું કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારની સંડોવણી હોવાના આક્ષેપો છતાં કેનેડા ભારત સાથે ગાઢ સંબંધો બનાવવા માટે પ્રતિબદ્ધ છે. વિશ્વભરમાં ભારતના વધતા



પ્રભાવ તરફ ઈશારો કરતા ટૂડોએ કહ્યું કે કેનેડા અને તેના સાથી દેશો ભારત સાથે જોડાયેલા રહે તે અત્યંત મહત્વપૂર્ણ છે. મોન્ટ્રીયલમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પીએમ ટૂડોએ કહ્યું કે મારું માનવું છે કે કેનેડા અને તેના સાથીઓએ વિશ્વ મંચ પર ભારતના વધતા જતાં મહત્ત્વને જોતાં તેની સાથે રચનાત્મક અને ગંભીરતાપૂર્વક જોડાયેલા રહેવું જોઈએ.

**ભારતીય સેનાનું હવે ૧૫૫ મિલીમીટરની તોપ પર ફોકસ**

## ભારતીય સેના ૪૦૦ હોવિત્ઝર સ્વદેશી તોપની ખરીદી કરશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય સેના હવે ૧૫૫ મિલીમીટરની તોપ પર ફોકસ કરે છે. આ તોપો દ્વારા માત્ર શેલ જ નહીં પરંતુ ચોકસાઈથી ફાયરિંગ, રોકેટ, ડ્રોન પણ ફાયર કરી શકાય છે. વાસ્તવમાં ભારતીય સેના ૪૦૦ નવી તોપો ખરીદવા જઈ રહી છે. જેમાં ધનુષ, શારંગ, અલ્ટ્રા લાઈટ હૉવિત્ઝર, કે-૯ વજ્ર ટેંક પણ સામેલ છે. ૧૫૫ એમએમ/૪૫ કેલીબર ટોડ હૉવિત્ઝર ધનુષને વર્ષ ૨૦૧૯માં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. આ બોફોર્સ તોપનું સ્વદેશી વર્ઝન છે. હાલ સેના પાસે ૧૨ ધનુષ છે. ૧૧૪ માટે ઓર્ડર આપવામાં આવ્યો છે. ધનુષને ચલાવવા માટે ૬ થી ૮ ક્રૂની જરૂર પડે છે. જેના શેલની રેન્જ ૩૮ કિલોમીટર છે. જે બર્સ્ટ મોડમાં આ ૧૫ સેકેન્ડમાં ત્રણ રાઉન્ડ ફાયર કરે છે.

**ધારાસભ્યના નિવેદન બાદ રાજકારણ ગરમાયું**

## જવાહરલાલ નહીં સુભાષચંદ્ર દેશના પહેલા વડાપ્રધાન હતા : બાસનગૌડા

। બેંગલુરૂ, તા.૨૯ ।

ભાજપના ધારાસભ્યના નિવેદન બાદ કર્ણાટકમાં રાજકારણ ગરમાયું છે. રેલ્વે અને ટેક્સટાઈલના પૂર્વ રાજ્ય મંત્રી અને ભાજપના ધારાસભ્ય બાસનગૌડા પાટીલ યતનાલે કહ્યું કે જવાહરલાલ નેહરુ ભારતના પહેલા વડાપ્રધાન ન હતા પરંતુ સુભાષ ચંદ્ર બોઝ દેશના પ્રથમ વડાપ્રધાન હતા. કર્ણાટકમાં એક જનસભાને સંબોધિત કરતી વખતે ભાજપના ધારાસભ્યએ આ નિવેદન આપ્યું હતું. અહેવાલ મુજબ કર્ણાટકમાં એક જાહેર સભાને સંબોધતા બાસનગૌડા પાટીલ યતનાલે કહ્યું કે બાબા સાહેબે તેમના પુસ્તકમાં લખ્યું છે કે અમને ભૂખ હડતાળના કારણે આઝાદી મળી નથી પરંતુ એટલા માટે મળી હતી કેમ કે આપણે કહ્યું હતું કે એક ગાલ પર લાફો મારશો તો બીજો આગળ કરીશું. આપણને સુભાષચંદ્ર બોઝના ડરથી આઝાદી મળી હતી. બાસનગૌડા પાટીલ યતનાલે વધુમાં કહ્યું કે અંગ્રેજો દ્વારા ભારત છોડવાનું કારણ સુભાષ ચંદ્ર બોઝ હતા. તેમણે કહ્યું કે અંગ્રેજોએ બીજા વિશ્વ યુદ્ધ પછી ભારત છોડી દીધું હતું, તે સમયે દેશના કેટલાક ભાગોમાં આઝાદીની ઘોષણા કરવામાં આવી હતી.

**બલૂચિસ્તાન પ્રાંતમાં ઈદના જુલૂસને ટાર્ગેટ કરાયું**

## ઈદના જુલૂસ ઉપર વિસ્ફોટમાં ૫૦થી વધુનાં મોત, ૧૦૦ ઘાયલ

। ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં ઈદ નિમિત્તે નિકળેલા જુલૂસને ટાર્ગેટ કરવામાં આવ્યુ હતુ અને તેમાં ૫૦થી વધુ લોકોના મોતના સમાચાર મળી રહ્યા છે. પાકિસ્તાનનો આ વિસ્તાર ધીરે ધીરે અશાંતિની આગમાં ઝોંકાઈ રહ્યો છે. બલૂચ બળવાખોરો અને પાકિસ્તાની સુરક્ષાદળો વચ્ચે પણ છાશવારે અથડામણો થતી હોય છે. દરમિયાન આ પ્રાંતનાન મસ્તુંગ જિલ્લામાં એક મસ્જિદ પાસેથી ઈદ નિમિત્તે સરઘસ નિકળ્યુ હતુ અને તેને ટાર્ગેટ કરીને વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ જેટલા લોકો ઘાયલ પણ થયા છે. તંત્ર દ્વારા હોસ્પિટલોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. વિસ્ફોટમાં મરનારાઓમાં કેટલાક પોલીસ કર્મીઓનો પણ સમાવેશ થાય છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

### અમદાવાદમાં વર્લ્ડ કપની મેચની લઈને આતંકી પન્નુની ધમકી

# આતંકી પન્નુના વાયરલ ઓડિયો સામે સાયબર ક્રાઈમમાં ફરિયાદ

## પ્રીરેકોર્ડેડ વોઇસ કોલ વિદેશમાં રહી ગુનાહીત પ્રવૃત્તિ આચરતા ઇસમોએ ભારતમાં ભય ફેલાવવા માટે કરાતા હોવાની ફરિયાદ

। અમદાવાદ, તા.૨૯ ।

શહેરમાં રમાનારી વર્લ્ડકપની મેચોને લઈને ખાલિસ્તાની આતંકી ગુરપતવંતસિંહ પન્નુએ ધમકીઓ આપી હતી. તેણે ધમકી આપતાં કહ્યું હતું કે, પાંચ ઓક્ટોબરે ક્રિકેટ વર્લ્ડકપની પણ ટેરર વર્લ્ડ કપ શરૂ થશે. નાગરીકોને ભયભીત કરવા માટે ધમકીભર્યા કોલ કરાતા હતાં. પન્નુના વાયરલ થયેલા ઓડિયો મામલે અમદાવાદ સાયબર ક્રાઈમ ખાતે ફરિયાદ નોંધાઈ છે.



સાયબર ક્રાઈમે નોંધેલી ફરિયાદ પ્રમાણે પન્નુનો એક પ્રી રેકોર્ડેડ ફોન કોલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ કોલમાં પન્નુએ કહ્યું હતું કે, પાંચ ઓક્ટોબરથી વર્લ્ડ ક્રિકેટ કપની નહીં પણ વર્લ્ડ ટેરર કપની શરૂઆત થશે. આ મામલે અમદાવાદ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ પ્રમાણે પ્રીરેકોર્ડેડ વોઈસ કોલ વિદેશમાં રહી ગુનાહીત પ્રવ્રુતી આચરતા ઈસમોએ ભારતના નાગરીકોમાં ભય ફેલાવવા આવા કોલથી ભારતના શીખ સમુદાયના લોકો અને ભારતના અલગ અલગ ઘર્મના લોકો વચ્ચે વૈમનસ્ય પેદા કરીને દેશની એકતાને નુકશાન પહોંચાડી આતંકવાદી પ્રવ્રુત્તિ કરવાના ઈરાદે કોલ કરેલ હતા. પન્નુએ ભારતના મહાનુભાવોને ચીમકી આપતા જુદા જુદા વિડીયો સોશિયલ મીડીયાના માધ્યમથી પોસ્ટ કર્યા હતા. ગુરપતવંત સિંહ પન્નુનને ભારત સરકાર દ્વારા આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે અને તે વિદેશથી શીખ ફોર જસ્ટિસ નામની સંસ્થા ચલાવે છે. પન્નુ ભય ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. શીખો અને દેશના અન્ય સમુદાયો વચ્ચે દુશ્મનાવટ પેદા કરી રહ્યો છે અને દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે. અગાઉ પણ તે આવી નાપાક પ્રવૃત્તિઓમાં સામેલ થયો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર. પન્નુ તરફથી ધમકીભર્યો સંદેશ ભારત અને કેનેડા વચ્ચે આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યાને લઈને રાજદ્વારી તણાવ વચ્ચે આવ્યો છે. ગુરપરવંતસિંહ પન્નુએ સોશિયલ મીડિયામાં વાયરલ કરેલા વીડિયોમાં આ પ્રકારની ધમકી આપી હતી. આગામી પાંચ ઓક્ટોબરે અમદાવાદના મોદી સ્ટેડિયમમાં ક્રિકેટ વર્લ્ડ કપ નહીંપણ ટેરર વર્લ્ડ કપની શરૂઆત થશે. શીખ્સ ફોર જસ્ટિસ ખાલિસ્તાન ધ્વજ સાથે અમદાવાદનો ઉપયોગ કરીને તોફાન કરશે.



વાયબ્રન્ટ નવરાત્રિ માટે જીએમડીસી ગ્રાઉન્ડમાં ચાલી રહેલ તૈયારીઓ.

### રાજ્યના ૧૩% તાલુકામાં ૩૦ ટકાથી વધુ ઘટ

# ગુજરાત રાજ્યમાં સિઝનનો ૧૦૪ ટકા વરસાદ નોંધાયો

## ૨૦ તાલુકાઓમાં ૧૦૦ ટકા અથવા એનાથી વધુ વરસાદ

। અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાંથી હવે ધીમે ધીમે ચોમાસાની વિદાય શરૂ થઈ ચૂકી છે. આ દરમિયાન હવે ગુજરાતમાં સિઝનનો ૧૦૪ ટકા વરસાદ નોંધાયો હોવાનું સામે આવ્યું છે. મહત્વનું છે કે, હજી પણ રાજ્યના ૧૩% તાલુકામાં ૩૦ ટકાથી વધુ ઘટ છે. આ તરફ હજી આગામી મહિનામાં નવરાત્રી અને ભારત-પાકિસ્તાનનો હાઈવોલ્ટેજ ક્રિકેટ મેચ પણ અમદાવાદમાં યોજાવાની છે. ત્યારે નવરાત્રી અને ક્રિકેટ મેચ પર સંકટના વાદળ છવાઈ તેવી શક્યતા જોવા મળી રહ્યા છે.

રાજ્યમાં ચોમાસા દરમિયાન નોંધાયેલ વરસાદના આંકડા જોઈએ તો અત્યાર સુધી ગુજરાતમાં સિઝનનો ૧૦૪ ટકા વરસાદ નોંધાયો છે. જોકે રાજ્યના ૧૩ તાલુકામાં ૩૦ ટકાથી વધુ વરસાદની ઘટ છે. આ સાથે ૩૩ તાલુકાઓમાં ૭૦ ટકાથી ઓછો વરસાદ તો ૩૮ તાલુકાઓમાં ૧૦થી ૨૦ ઈંચ જ વરસાદ વરસ્યો છે.

આ તરફ ૨૦ તાલુકાઓમાં ૧૦૦ ટકા અથવા એનાથી વધુ વરસાદ નોંધાયો છે. આ તાલુકાઓના લોકો માટે આગામી દિવસો કપરા બને તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ગાંધીનગરમાં ગાંધીનગર અને કલોલ, પાટણ જિલ્લામાં ચાણસ્મા, ભાવનગરમાં જેસર અને પાલીતાણા, છોટા ઉદેપુરમાં નસવાડી, બનાસકાંઠામાં કાંકરેજ, મહેસાણામાં ઊંઝા, અરવલ્લીમાં માલપુર, અમદાવાદમાં બાવળા, દસ્ક્રોઈ, દેત્રોજ, હાંસોટ અને ઝઘડીયા, સાણંદ અને વિરમગામ, વડોદરામાં કરજણ, સાવલી અને વાઘોડીયા,, પંચમહાલમાં ઘોઘંબા, સુરેન્દ્રનગરમાં મુળી, રાજકોટમાં જસદણ, પદ્ધારી અને રાજકોટ, તાપીમાં ઉચ્છાલ, અમરેલીમાં જાફરાબાદ અને સાવરકુંડલા, બોટાદમાં રાણપુર, ભરૂચમાં અમોદ, સુરતમાં માંગરોળ અને ઓલપાડ, ખેડામાં ગળતેશ્વર અને ઠાસરા સહિતના આ તાલુકાઓમાં ૫૦થી લઈને ૩૦ ટકા સુધીની વરસાદની ઘટ હોવાનું સામે આવ્યું છે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું કે, નવરાત્રીના પહેલા નોરતે જ ગુજરાતના અનેક સ્થળોઓએ વરસાદની આગાહી છે. ૭ ઓક્ટોબર બાદ બંગાળ-અરબ સાગરમાં વરસાદી સિસ્ટમ બનશે. ૭ ઓક્ટોબર બાદ રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતા છે. દશેરા દરમિયાન પણ વરસાદની આગાહી છે.

### અમદાવાદમાં સ્પામાં યુવતીને માર મારવાના કેસમાં વળાંક

# સ્પાના બિઝનેસમાં પોલીસના પૈસા રોકાયેલા હોવાની ચર્ચાથી ખળભળાટ

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં બોડકદેવમાં ધ ગેલેક્સી સ્પા બહાર યુવતીને માર મારનાર મોહસીનને આખરે પોલીસે ઝડપી લીધા બાદ હવે નવા ખુલાસા થઈ શકે છે. વાત જાણે એમ છે કે, સિંધુભવન રોડ પર આવેલ સ્પામાં યુવતીને માર મારવાના કેસમાં આરોપી ઝડપાયા બાદ હવે સ્પાના અસલી માલિકને લઈ સવાલ ઊભા થઈ રહ્યા છે. એવી ચર્ચા છે કે, દોઢ લાખના ભાડે ચાલતા આ સ્પાના અસલી માલિક કોણ આ સાથે આ સ્પામાં પોલીસ રોકાણકાર હોવાની ચર્ચાએ જોર પકડતા હવે આ કેસમાં નવો વળાંક આવી શકે છે.

અમદાવાદના સિંધુ ભવન રોડ પર સ્પામાં નોર્થ ઈસ્ટની યુવતીને મારવાના કેસમાં વળાંક આવ્યો છે. વિગતો મુજબ દોઢ લાખના ભાડે ચાલતા આ સ્પાના માલિકીને લઈને ચર્ચા શરૂ થઈ છે. જેમાં પોલીસ રોકાણકાર હોવાની ચર્ચા થતા તપાસ તેજ બની છે. મહત્વનું છે એ, ચર્ચા મુજબ દાણીલીમડામાં આરોપી મોહસીન પાછળ પોલીસ અધિકારીનો હાથ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. સ્પામાં થયેલી મારામારી કેસમાં પણ હવે વળાંક આવ્યો છે. ચર્ચા મુજબ સલૂનના નુકસાન નહી પરંતુ પ્રેમ સંબંધના વિવાદ વચ્ચે મારામારી થઈ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ચર્ચા મુજબ નોર્થ ઈસ્ટની યુવતી સાથે મોહસીનનો પ્રેમ સંબંધ હતો. જોકે મોહસીને અન્ય યુવતી સાથે લગ્ન કરી લેતા યુવતીએ સંબંધ તોડી નાખ્યા હતા. આ દરમિયાન મોહસીનના મિત્ર સાથે યુવતીએ મિત્રતા કરી હતી. આ તરફ પાર્ટીમાં યુવતીના ફોનમાં તેના નવા બોયફ્રેન્ડનો કોલ આવતા તકરાર થઈ હતી. આ તરફ માર મારવા પાછળની તપાસમાં નવો વળાંક આવ્યો છે. સ્પાના અસલ માલિક કોણ અને ઘટનાને લઈને પણ તપાસ શરૂ કરાઇ છે. અમદાવાદમાં બોડકદેવમાં ધ ગેલેક્સી સ્પા બહાર યુવતીને માર મારનાર મોહસીનને આખરે પોલીસે ઝડપી લીધો છે. આરોપી સિંધભવન પાસે ધ ગેલેક્સી સ્પા બહાર યુવતીને ઢોર માર માર્યો હતો અને ત્યારબાદ મોહસીન રંગરેજ ફરાર થઈ ગયો હતો. ૨૫ તારીખે રાત્રે ૩ થી ૩.૩૦ની આસપાસ બનાવ બન્યો હતો.

### ઓઢવમાં હિટ એન્ડ રન, બેફામ કારચાલકે વાહનોને અડફેટે લીધા

। અમદાવાદ, તા.૨૯ ।

શહેરમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના ઓઢવ વિસ્તારમાં હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. બેફામ કામચાલકે રિક્ષા સહિતના વાહનોને ટક્કર મારી હતી. જેમાં એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. અકસ્માતમાં રિક્ષા સવાર એક વ્યક્તિ ઘાયલ થયો હતો.ઓઢવ વિસ્તારમાં બેફામ કારચાલકે રિક્ષ સહિત વાહનોને ટક્કર મારી હતી. અકસ્માતમાં રિક્ષા સવાર એક વ્યક્તિ ઘાયલ થયો હતો. અકસ્માત બાદ સ્થાનિકોએ કારનો પીછો કર્યો હતો, સ્થાનિકોએ પીછો કરતાં ચાલક કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. જ્યારે હાલમાં ઘાયલને હોસ્પિટલ ખસેડાયો છે અને કારચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે. નોંધનીય છે કે, બેફામ ડ્રાઈવિંગ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, છતાં બેફામ વાહન હંકારનારાઓને જાણે કાયદાનો કોઈ ડર ન હોય તેવી ઘટનાઓ અવારનવાર સામે આવી રહી છે.

# અસામાજીક તત્વોએ ગણપતિ પંડાલ પાસે માંસના ટુકડા ફેંક્યા

। અમદાવાદ, તા.૨૯ ।

રાજ્યમાં હિન્દુઓની યાત્રાઓ પર હુમલાની ઘટનાઓ વધી રહી છે. જે રીતે સપ્ટેમ્બર મહિનામાં જ ૩ હિન્દુ યાત્રાઓ પર હુમલાની ઘટનાઓ સામે આવી છે, તેના પરથી તો એવું જ લાગી રહ્યુ છે કે હિન્દુઓની યાત્રાઓ હવે વિધર્મીઓના નિશાના પર છે. હાલ એક બાદ એક હિન્દુ યાત્રાઓ પર પથ્થરો મારવાની ઘટનાઓ વધી છે. ત્યારે આજે ફરી નર્મદાના સેલંબા ખાતે બજરંગ દળની શૌર્ય જાગરણ યાત્રા પર વિધર્મીઓએ પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ અમદાવાદમાં આવી જ એક ઘટના નોંધાઈ છે, જેમાં ધાર્મિક લાગણી દુભાવવા અસામાજીક તત્વોએ ગણપતિ પંડાલ પાસે માંસના ટુકડા ફેંક્યા છે. ગણેશ વિસર્જન પહેલા જમાલપુર વિસ્તારમાં આવેલ કોઠી મહોલ્લાના ગણેશ પંડાલમાં વિધર્મીઓએ માંસના ટુકડા ફેંકીને હિંદુ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડી હતી.

# દિનેશ દાસાની UPSCના સભ્ય તરીકે વરણી કરવામાં આવી

। અમદાવાદ, તા.૨૯ ।

GPSCના પૂર્વ ચેરમેન દિનેશ દાસાને મહત્વપૂર્ણ જવાબદારી સોંપાઈ છે. દિનેશ દાસાની UPSCના સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે. અત્રે જણાવીએ કે, UPSCના સભ્ય તરીકે રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવી છે. દિનેશ દાસાએ ટ્વીટ કરી જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિએ મને યુપીએસસીના સભ્ય તરીકે નિયુક્ત કર્યો છે તે જણાવતા હું નમ્ર છું. GPSCનું નેતૃત્વ કર્યું હતું આ તક એ કામનું વિસ્તરણ છે. મારા જીવનની આ મહત્વની ક્ષણે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર માનું છું જેમણે મને મારી સમગ્ર સફરમાં માર્ગદર્શન આપ્યું છે. વધુમાં લખ્યું છે કે, હું અતૂટ સમર્પણ અને ઈમાનદારી સાથે આપણા રાષ્ટ્રની પ્રગતિમાં પૂરા દિલથી યોગદાન આપવા માટે તૈયાર અને ઉત્સાહી છું.

## વિશેષ લેખ

### સાઇલન્ટ કીલર હૃદયરોગ : સતત રજકલાક ધબકતા આપણા હૃદયને હેમખેમ કેમ રાખશો ?

# દુનિયાભરમાં ૧.૭૯ કરોડ લોકો દર વર્ષે હૃદય સાથે જોડાયેલ બીમારીને કારણે મૃત્યુ પામે છે




સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

વર્લ્ડ હાર્ટ ફેડરેશન અનુસાર સમય પહેલાં થનારા મૃત્યુમાં ઓછામાં ઓછું ૮૦ ટકા કારણ હાર્ટનું હોય છે. જેમાં ખોટી ખાણીપીણીની આદત, તમાકુનો ઉપયોગ, કસરતનો અભાવ અને દારૂનું સેવન જવાબદાર રહે છે. દુનિયાભરમાં ૧.૭૯ કરોડ લોકો દર વર્ષે હૃદય સાથે જોડાયેલ બીમારીને કારણે મૃત્યુ પામે મે છે. આ નંબર દુનિયાભરમાં થનારા કુલ મૃત્યુના ૩૧% છે. ૭૦ વર્ષ પહેલાં મૃત્યુ પામનાર દર ૩ વ્યક્તિમાંથી એકનું મૃત્યુ હૃદયરોગને કારણે થાય છે. ૮૦% હૃદય રોગ સંબંધી મૃત્યુ હાર્ટ અટેક સથવા સ્ટ્રોકને કારણે થાય છે. ૧.૧ વયસ્ક છે વિશ્વમાં જેને બ્લડ પ્રેશરની ફરિયાદ છે. જેમાં દર ૫માંથી એક વ્યક્તિ છે, જેને આને કન્ટ્રોલ કરી રાખ્યું છે.

હૃદયરોગને અમેરિકન ભાષામાં સાઈલેન્ટ કિલર કહ્યો છે. ગુજરાતી વાચકના નસીબે ગુણવંત શાહ જેવા સંયમી, વિવેકી અને આહાર-વિહારમાં ડિસિપ્લીન પાળનારનેય ૭૫ની વયે હુમલો આવી શકે છે તો આપણે શી વિસાતમાં? સૌથી નંબરવન ભારતના હૃદયરોગી વડાપ્રધાન ડો. મનમોહન સિંહ છે. વળી હૃદયરોગ દર્દીને કે સગાંવહાલાંને મારે નહીં તો પણ તે પૈસે ટકે માંદા પાડે છે. ભારતમાં તો વિદેશના હૃદયરોગીઓનો ઉપચાર કરવાનો દક્ષિણ-ભારતમાં જબ્બર ધંધો ખીલ્યો છે. દા.ત. હૃદયરોગના હુમલા પછી જે એન્જિઓપ્લાસ્ટી થાય છે એટલે કે હૃદયને લોહી પૂરુ પાડતી નસ સંકોચાઈ જાય છે તેનું સમારકામ થાય છે. તેનું ઓપરેશન ૫૦,૦૦૦ ડોલરમાં એટલે કે રૂ.સવા બે કરોડમાં અમેરિકામાં થાય છે. એ જ ઓપરેશન બેંગલોરમાં ૯૦૦૦ ડોલરમાં કરનારી ધંધાદારી હોસ્પિટલો ઊભી થઈ છે. ૯૦૦૦ ડોલર એટલે કે લગભગ રૂ. સવા ચાર લાખ.

'લાન્સેટ' નામના વિજ્ઞાનના મેગેઝિને નવું સંશોધન કર્યું તેમાં આગાહી કરી હતી કે જગતમાં જે હૃદયરોગનો વ્યાપ થશે તેમાં ૬૦ ટકા દર્દી ભારતમાં હશે. હૃદયરોગથી જે મરે છે તે કોરોનરી આર્ટરી ડિસઝિથી મરે છે. માત્ર હૃદયરોગની બીજી અનેક ગૂંચવણો છે તેમાં નસ સાંકડી થવાથી જગતભરમાં ૨૦૦૧માં ૭૧ લાખ મરણો થયાં હતાં. તેમાં ૮૦ ટકા ભારત જેવા ગરીબ દેશોમાં થયાં હતાં. ત્યારે આગાહી થઈ હતી કે ૯ વર્ષમાં આ રોગમાં ૬૦ ટકા વધારો થશે. બેંગલોરની સેન્ટ જહોન ડેનિસ તેમ જ પ્રો. સલીમ યુસુફ જે કેનેડામાં છે તેમણે ૨૧૦૦૦ હૃદયરોગની રજિસ્ટ્રી રાખેલી તેમાંથી ૪૦ ટકા જ હૃદયરોગથી બચવા પામ્યા હતા. હૃદયરોગ માટે, કમરનાં હાડકાંને નવા નાખવા માટે કે ઘૂંટણનાં નવાં હાડકાં માટે પ્રોસ્ટેટની સર્જરી માટે કે વૃદ્ધ ચહેરાને જુવાન બનાવવા માટે આજે પેટ, આંતરડાના રોગ માટે ભારત એક મોટું મેડિકલ આઉટસોર્સિંગનું કેન્દ્ર બન્યું છે. ભારતમાં અમેરિકા, બ્રિટન, કેનેડા, નાઈઝિરિયા, ઈરાક, ઝામ્બિયા, તાન્ઝાનિયા વગેરે દેશોના દર્દી વિવિધ રોગોની સારવાર કે સર્જરી કરાવવા આવે છે. તેનાં જાણે મેડિકલ કારખાનાં ખૂલી ગયાં છે. તમે થોડીક મેડિકલ ભાષા સમજીને વાંચજો. કોરોનરી બાયપાસ સર્જરી અમેરિકામાં ૭૦,૦૦૦ ડોલરથી ૧,૩૩,૦૦૦ ડોલરમાં થાય છે તો બેંગલોરની અમુક હોસ્પિટલો ૭૦૦૦ ડોલરમાં પણ ટ્રીટમેન્ટ કરે છે. સિંગાપોરમાં ૧,૬૩,૦૦ ડોલર લે છે. બાયપાસ સર્જરી અને હૃદયનો નવો વાલ્વ નાખવાનું ઓપરેશન અમેરિકામાં ૭૫,૦૦૦થી ૧,૪૦,૦૦૦ ડોલરમાં થાય છે, તે



ભારતમાં ૨૫,૦૦૦ ડોલરમાં થાય છે. નવું કમરનું હાડકું બેસાડવાના (હીપ રપ્લિસમેન્ટ) અમેરિકામાં ૩૩,૦૦૦થી ૫૭,૦૦૦ ડોલર થાય છે તે ભારતમાં ફકત ૭,૦૦૦ ડોલરમાં થાય છે. પ્રોસ્ટેટ ગ્લેન્ડની સર્જરી અમેરિકામાં ૧૦૦૦ ડોલરમાં એટલે રૂ. ૪૬,૦૦૦માં થાય છે તે ભારતમાં ત્રીજા ભાગના ભાવે એટલે કે રૂ. ૧૬,૦૦૦ થાય છે. પેટ, આંતરડાંનાં ઓપરેશન (ગેસ્ટ્રીક બાયપાસ) અમેરિકામાં ૩૫૦૦૦ ડોલરમાં થાય છે. ભારતમાં તે ૯૩૦૦ ડોલરમાં થાય છે. એટલે કૃપા કરીને તમે જંક ફૂડ, તળેલા પદાર્થો, ટેન્શન કે બધાથી મુકત નહીં રહો અને પેટ, આંતરડાં બગાડશો તો હોસ્પિટલવાળા આંતરડાંના સમારકામ માટે રૂ. સવા ચાર લાખ પડાવશે. અમેરિકનો આંકડા કાઢવામાં ઉસ્તાદ છે. અમેરિકામાં કુલ મોત થાય છે તેમાંથી ૨૫.૪ ટકા મોત હૃદયરોગથી થાય છે. એટલે કે દર વર્ષે આ સમૃદ્ધ અમેરિકા રેઢિયાળ આહાર અને માનસિક તાણવાળી જિંદગી અને પછી હૃદયરોગના હુમલાથી ૪,૫૯,૦૦૦ અમેરિકનો મરે છે. ભારતમાં હવે ૨૦૧૪માં કુલ મોતમાંથી ૩૨.૮ ટકા મોત હૃદયરોગથી થશે.

તામિલનાડુના હૃદયરોગના નિષ્ણાત ડો. બી. આર. જે. કન્નાન કહે છે કે ભારતના લોકોએ ૪૦ની ઉંમર પછી તેમની લાઈફ સ્ટાઈલ અને આહારમાં ફેરફાર કરીને વધુ ને વધુ શાકભાજી, કાચાં કચૂંબર અને (૮૦ ટકા) માત્ર ૨૦ ટકા રોટલી કે ભાતનો કે દાળનો આહાર રાખવો જોઈએ. મારો આગ્રહ છે કે અમેરિકાના ધુરંધર પત્રકાર અને અધ્યાત્મવાદી નોર્મન કઝીન્સનું પુસ્તક 'ધ હિલિંગ હાર્ટક્ષ' વાંચી જાઓ. તે પુસ્તકનો ગુજરાતી અનુવાદ પણ થયો છે. ગુણવંતભાઈ જેવા સંયમી પુરુષને હૃદયની તકલીફ થઈ પણ બેંગલોરના ડાર્િ રંજનદાસ જે હૃદયરોગના નિષ્ણાત હતા, તે જો મુંબઈમાં તેમના બંગલામાં એકાએક પડી ગયા અને માત્ર ૬૦ની ઉંમરે હૃદયરોગનો હુમલો થતાં મૃત્યુ પામ્યા. બાળા સાહેબના નાના ભાઈનાં પત્ની. કુંદા ઠાકરે પણ ૨૦૦૯માં હૃદયરોગના હુમલાથી બચી ગયેલાં. સૌ પ્રથમ તો ઊંચા લોહીના દબાણથી (હાઈ બ્લડપ્રેશર) દદીક્ષને ચેતવણી અપાય છે કે લાઈફ સ્ટાઈલમાં સુધારો કરો નહીંતર આ નાનકડી બ્લડપ્રેશરની ફરિયાદમાંથી હૃદયરોગનો હુમલો થશે. માત્ર અખબારો વાંચીને અમુક ચીજ ખાવાથી બ્લડપ્રેશર ઘટશે તેવી ભ્રમણામાં ન રહો. દર વર્ષે લંડનનું 'ડેઈલી મેઈલ' નામનું અડધીયું અખબાર મેડિકલ તિકડમ છાપે છે. દા. ત. તમને હાઈપર ટેન્શન રહે છે ? હાઈ બ્લડ પ્રેશર રહે છે ? તો રોજ લસણની છ કળી ભોજનમાં લો.પરંતુ લસણની છ કળી ખાવાથી કાંઈ હૃદયરોગ નિવારી શકાય નહીં. એ સાચું કે ઓસ્ટ્રેલિયાની એડેલેડ યુનિ.ના વિજ્ઞાનીઓને માલૂમ પડયું છે કે ૫.૪ મિલીગ્રામ જેટલું લસણ ખાવાથી બ્લડપ્રેશર થતું નથી. પરંતુ તે સાથે આહાર સાદો રાખવો જોઈએ. ભજિયા, ગાંઠિયા અને જંક ફૂડ ખાઈને પછી છ કળી લસણ ખાવાથી એ આહાર કે રેઢિયાળપણાનું પાપ ધોવાઈ જતું નથી. હવે ૪૦ નહીં પણ ૩૫ની વયથી તમારે આરોગ્ય બાબતમાં યોગી બનવું જ પડશે. મીઠાનું પ્રમાણ ઘટાડવું પડશે. કોફી, સગિારેટ, દારૂથી દૂર રહેવું પડશે. ઘણા ડાર્કિટરો કહે છે કે નિયમિત ચાલવા જવું. ગુણવંતભાઈ અને બીજા લાખો નહીં કરોડો લોકો ચાલવા જાય છે. પણ માનસિક તાણ ચાલુ રાખે છે. આહારમાં કાળજી લેતા નથી તો માત્ર વોકિંગ કાંઈ પેન્ડેશિયા નથી. (દરેક દર્દનો ઈલાજ) નથી.

હાર્ટ-એટેકનું ખરું કારણ કોલેસ્ટ્રોલ નથી પણ ધમનીનો સોજો છે કે જે બેડ કોલેસ્ટ્રોલને કારણે આવે છે. આપણી ભૂલએ છે કે આપણે આ બેડ કોલેસ્ટ્રોલને કારણે ગુડ કોલેસ્ટ્રોલને પણ હૃદયરોગ નું કારણ ગણીએ છીએ. અમેરિકાના પ્રખ્યાત ડૉ. ડ્વાઈટ લુન્ડેલએ હૃદયરોગ વિશે કરેલ ઘટસ્ફોટ માટે નીચેનો પૂરો લેખ તમે ખુદ જ વાચી લો. આપણી છાતીમાં જરાક દુઃખાવો થાય કે તરત જ આપણે ફેમિલી ડોક્ટર પાસે દોડી જઈએ છીએ. ફેમિલી ડોક્ટર આપણને કાર્ડિયોગ્રામ કઢાવવાની સલાહ આપે છે. કાર્ડિયોગ્રામના આડાઅવળા લિટાઓનો અભ્યાસ કરીને હૃદયરોગના નિષ્ણાત ડોક્ટર આપણને એન્જિયોગ્રાફી કરાવવાની સલાહ આપે છે. એન્જિયોગ્રાફીમાં બ્લોકેડ દેખાય કે તરત જ આપણને સ્ટેન્ડ મૂકવાની કે બાયપાસ સર્જરી કરાવવાની સલાહ આપવામાં આવે છે. આપણા હૃદયની બીમારીમાંથી તબીબો અબજો રૂપિયાની કમાણી કરે છે, પણ તેઓ આપણને જીવતા રાખવાની ગેરન્ટી આપી શકતા નથી.

## ન્યૂઝ બ્રિફ

### શિક્ષિકાએ સાથી છાત્રને વિદ્યાર્થીને થપ્પડ મારવા કહ્યું

। સંભલ, તા.૨૯ ।

ઉત્તરપ્રદેશમાં મુઝફ્ફરનગરની શાળામાં થપ્પડની ઘટના બાદ ગઈકાલે સંભલ જિલ્લામાં પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો જેમાં એક મહિલા શિક્ષિકાએ સવાલનો જવાબ ન આપવા પર સાથી વિદ્યાર્થી દ્વારા પાંચમા ધોરણના વિદ્યાર્થીને થપ્પડ મરવા કહ્યું હતું. હવે આ મામલે મહિલા શિક્ષકની ધરપકડ કરવામાં આવી છે. થોડાક સમય પહેલા જ ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરની એક ખાનગી શાળામાં એક શિક્ષિકાએ એક વિદ્યાર્થીને તેના સાથી વિદ્યાર્થી દ્વારા થપ્પડ મરાવી હતી જેનો વીડિયો ખુબ વાયરલ થયા બાદ હોબાળો થયો હતો, ત્યારે હવે આવો જ એક કિસ્સો ઉત્તરપ્રદેશના જ સંભલ જિલ્લામાં બન્યો છે જેમાં ખાનગી શાળાના શિક્ષકે એક વિદ્યાર્થીને પોતાના જ ક્લાસના અન્ય વિદ્યાર્થીનેથપ્પડ મારવા કહ્યું હતું. આ વિદ્યાર્થીએ ઘરે પહોંચ્યા બાદ પરિવારને આ વાતની જાણ કરતા ફરિયાદ દાખલ કરી હતી. આ ઘટના અસમોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દુગાવર ગામની એક ખાનગી શાળામાં બની હતી. હાલ આ મામલે મહિલા શિક્ષિકાની સાંપ્રદાયિક નફરત ફેલાવવાના આરોપમાં ધરપકડકરવામાં આવી છે. આ ઘટના અંગે એડિશનલ એસપી શિરિષ ચંદ્રાએ જણાવ્યું હતું.

### અમેરિકી એરફોર્સને પ્રથમ એર ટેક્સી ડીલીવર કરાઈ



। વોશિંગ્ટન, તા.૨૯ ।

એર ટેક્સી એક એવો શબ્દ છે જે સંભાળીને એવું લાગે કે હવામાં ઉડતી ટેક્સી. જે હવે હકીકત બનવા જઈ રહી છે અને અમેરિકી એરફોર્સને પ્રથમ એર ટેક્સી ડીલીવર કરવામાં આવી છે. કેલીફોર્નીયાની જોબાય એરોસ્પેશ એ હાલમાં જ જાણકારી આપી હતી કે યુનાઈટેડ સ્ટેટ્સ એરફોર્સને ઈલેક્ટ્રિક એર ટેક્સી ડીલીવર કરવામાં આવી છે. નેશનલ એરોનોટીક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા એ એરફોર્સના એફેરેક્સ પ્રોગ્રામ અંતર્ગત એક કરાર કરવામાં આવ્યો છે. આ કરાર મુજબ નાસા દ્વારા એક ટેસ્ટ કરવામાં આવશે અમેરિકાના એર સ્પેસમાં કેટલા વ્હીકલ સમાઈ શકે છે. નાસાની એડવાન્સ એર મોબીલીટી (એએએમ) મિશનના ઈન્ટીગ્રેશન મેનેજર પરિમલ કોપારડેકર પ્રેસ મીટમાં જણાવ્યું હતું. કે એફવેરેક્સ, યુએસએ એરફોર્સ રિસર્ચ લેબોરેટરીનું ટેકનોલોજી ડીરેક્ટોરેટ અને યુએસ એરફોર્સની ઈનોવેશન વિંગ પણ છે.

### ખાલિસ્તાનીઓએ ગુરૂદ્વારામાં ભારત વિરોધી પોસ્ટર્સ ન હટાવ્યા




। ઓટાવા, તા.૨૯ ।

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ખાલિસ્તાનીઓને એટલા માથે ચઢાવ્યા છે કે હવે તેઓ બેલગામ થઈ ચુકયા છે. કેનેડાની સરકારનો આદેશ માનવા માટે પણ તૈયાર નથી. ખાલિસ્તાની આતંકી નિજ્જરની હત્યા બાદ કેનેડાના એક ગુરુદ્વારામાં ભારતીય ડિપ્લોમેટ્સની હત્યા કરવા માટે ઉશ્કેરણી કરતા પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. આ અંગે ફરિયાદ મળ્યા બાદ કેનેડાની સરકારે પ ોસ્ટરો હટાવવાના આદેશ આપ્યા હતા. જોકે હજી સુધી ખાલિસ્તાનીઓએ આ પોસ્ટરો અને બેનરો હટાવ્યા નથી. કેનેડાએ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીનો આરોપ મુક્યા બાદ બંને દેશના સબંધોમાં આવેલી કડવાશ વચ્ચે કેનેડાની સરકાર માટે ખાલિસ્તાનીઓ હવે નીચાજોણું કરી રહ્યા છે.

---

#### એશિયાડમાં શુટિંગમાં ભારતીય ટીમે ઈતિહાસ રચ્યો

# એશિયાડમાં ભારતે ફરી એકવાર ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો

### ઐશ્વર્ય, સ્વપ્રિલ, અખિલની ત્રિપુટીએ ૫૦ મીટર રાઈફલ ૩પી (શુટિંગ)માં આ ગોલ્ડ મેડલ જીત્યો છે : ભારતને શૂટિંગમાં અત્યાર સુધી ૧૫ મેડલ મળ્યા

। હાંગઝોઉ, તા.૨૯ ।

એશિયન ગેમ્સમાં ભારતનું દમદાર પ્રદર્શન સતત ચાલુ છે. ચીનના હોંગઝોઉમાં યોજાયેલા એશિયાડમાં ભારતે આજે ફરીથી ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. ભારતે અત્યાર સુધીમાં ૨૭ મેડલ જીત્યા છે. જેમાં ૭ ગોલ્ડ મેડલ, ૯ સિલ્વર અને ૧૧ બ્રોન્ઝ મેડલ સામેલ છે. એશિયન ગેમ્સમાં ભારતને આજે ફરી શુટિંગમાં ગોલ્ડ મેડલ મળતા કુલ ગોલ્ડ મેડલની સંખ્યા હવે સાત થઈ ગઈ છે. ભારતે શુટિંગમાં આ સાથે કુલ ૧૫ મેડલ જીત્યા છે. ઐશ્વર્ય, સ્વપ્રિલ અને અખિલની ત્રિપુટીએ ૫૦ મીટર રાઈફલ ૩પી (શુટિંગ)



માં આ ગોલ્ડ મેડલ જીત્યો છે. ભારતીય શુટર્સ પલક ગુલિયા, ઈશા સિંહ અને દિવ્યા ટીએસે મહિલાઓની ૧૦મીટર એર રાઈફલ પિસ્તોલ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો છે. એશિયન ગેમ્સમાં ભારતીય શુટર્સનું દમદાર પ્રદર્શન સતત ચાલુ છે. ૧૮ વર્ષની ઈશા (૫૭૯), પલક (૫૭૭) અને દિવ્યા ટીએસ (૫૭૫)નો કુલ સ્કોર ૧૭૩૧ રહ્યો. ચીને ૧૭૩૬ અંક સાથે ગોલ્ડ મેડલ જીત્યો.

સાઉદી અરબ સામે પ્રી ક્વોટર ફાઈનલમાં ૦-૨થી હાર્યા બાદ ભારતીય ફૂટબોલ ટીમ એશિયન ગેમ્સમાંથી બહાર થઈ ગઈ છે. સાઉદી અરબ માટે ફોરવર્ડ મોહમ્મદ ખલીલ મારાને ૫૧માં અને ૫૭મી મિનિટમાં બે ગોલ કરીને સુનીલ છેત્રીના નેતૃત્વવાળી ભારતીય ટીમનું અભિયાન અંત લાવી દીધુ. ભારતે અત્યાર સુધીમાં જીત્યા કુલ ૨૭ મેડલ ૧. મેહુલી ઘોષ, આશી ચોક્સે અને રમિતા જિંદાલ- ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટ (શુટિંગ)- સિલ્વર મેડલ ૨. અર્જૂન લાલ જાટ અને અરવિંદ સિંહ મેન્સ લાઈટવેટ ડબલ સ્કલ્સ (રોઈંગ)- સિલ્વર મેડલ ૩. બાબુ લાલ અને લેખ રામ, મેન્સ કોક્સલેસ ડબલ્સ (રોઈંગ) - બ્રોન્ઝ મેડલ ૪. મેન્સ કોક્સ્ડ ૮ ટીમ (રોઈંગ)- સિલ્વર મેડલ ૫. રમિતા જિંદાલ- વુમન્સ ૧૦ મીટર એર રાઈફલ (શુટિંગ)- બ્રોન્ઝ મેડલ ૬. એશ્વર્ય તોમર, રુદ્રાંક્ષ પાટિલ અને દિવ્યાંશ પવાર, ૧૦ મીટર એર રાયફલ ટીમ ઈવેન્ટ (શુટિંગ)- ગોલ્ડ મેડલ ૭. આશીષ, ભીમ સિંહ, જસવિંદર સિંહ અને પુનિતકુમાર- મેન્સ કોક્સલેસ ૪ (રોઈંગ)- બ્રોન્ઝ મેડલ.



જમ્મુમાં 'વર્લ્ડ હાર્ટ ડે' પર આયોજિત વોકથોનમાં ડોક્ટરો અને વિર્દ્યાથીઓએ ભાગ લીધો હતો.


#### દિલ્હીના જ્વેલરી શોરૂમમાંથી ૨૫ કરોડની ચોરી થઈ હતી

## દિલ્હીમાં ૨૫ કરોડની ચોરીના કેસમાં છત્તીસગઢથી ત્રણની ધરપકડ કરાઈ

। નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હીમાં જ્વેલરી શોરૂમમાં ૨૫ કરોડની ચોરીના મામલે છત્તીસગઢથી ત્રણ બદમાશોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી એક બદમાશ કુખ્યાત ચોર હોવાની માહિતી મળી રહી છે. સૂત્રો મુજબ પોલીસે તેમની પાસેથી રિકવરી પણ કરી છે.

ખરેખર તો દિલ્હીના જંગપુરામાં રવિવારે એક જ્વેલર્સ શો રૂમથી ૨૫ કરોડની ચોરી કરવામાં આવી હતી. આ શો રૂમ ઉમરાવ સિંહ અને મહાવીર પ્રસાદ જૈનનો છે. ચોરોએ દુકાનમાં રાખેલી ૨૦થી ૨૫ કરોડ રૂપિયાના હીરા અને સોનાના ઘરેણાની ચોરી કરી હતી. તેઓ દીવાલ કાપીને શોરૂમમાં પ્રવેશ્યા હતા.



છત્તીસગઢ પોલીસે દુર્ગથી ૭ ચોરીને અંજામ આપનારા લોકેશ શ્રીવાસની સ્મૃતિનગર પોલીસ સ્ટેશનની હદમાંથી પકડ્યો હતો. તેની પાસેથી દિલ્હી શોરુમથી ચોરી કરાયેલા ૧૮ કિલો સોના અને હીરાના દાગીના અને ૧૨.૫૦ લાખ રૂપિયાની કેશ પણ મળી આવી હતી. પોલીસે લોકેશના બીજા સાથી શિવા ચંદ્રવંશીને કવર્ધાથી જ્વેલરી સહિત ૨૮ લાખની મત્તા સાથે પકડી પાડ્યો હતો.

#### દિલ્હીમાં અફઘાન દૂતાવાસે આ મુદ્દાને લઈને પત્ર મોકલ્યો

## અફઘાનિસ્તાને ભારતમાં વાણિજ્ય દૂતાવાસમાં કામકાજ બંધ કરી દીધું

#### દૂતાવાસનું નેતૃત્વ રાજદૂત ફરીદ મામુન્ડઝે કરી રહ્યા હતા

। નવી દિલ્હી, તા.૨૯ ।

અફઘાનિસ્તાને ભારતમાં પોતાના વાણિજ્ય દૂતાવાસમાં કામકાજ બંધ કરી દીધું છે. આ અંગે અફઘાન દૂતાવાસ દ્વારા એક નોટિફિકેશન પણ જારી કરવામાં આવી છે. જો કે ભારત સરકાર દ્વારા તેને વેરિફાઈ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દૂતાવાસનું નેતૃત્વ રાજદૂત ફરીદ મામુન્ડઝે કરી રહ્યા હતા અને તેઓ હાલમાં લંડનમાં છે. મામુન્ડ્ઝેની પૂર્વ રાષ્ટ્રપતિ અશરફ ગનીની સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવી હતી અને ઓગસ્ટ ૨૦૨૧ માં તાલિબાન દ્વારા અફઘાનિસ્તાનમાં સત્તા કબજે કર્યા પછી પણ તેઓએ અફઘાની રાજદૂત તરીકે સેવા આપવાનું ચાલુ રાખ્યું હતું. અફઘાની દૂતાવાસ દ્વારા ભારતમાં તેનું કામકાજ બંધ



કરવાના સમાચાર પર ભારત સરકારના સૂત્રોએ કહ્યું કે દિલ્હીમાં અફઘાન દૂતાવાસે આ મુદ્દાને લઈને એક પત્ર મોકલ્યો છે.

જો કે આ પત્રની સત્યતા અને તેની કન્ટેન્ટની તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અફઘાની રાજદૂત મામુન્ડઝેનું છેલ્લા ઘણા મહિનાઓથી ભારતની બહાર રહેવા, ત્યાં આશ્રય મળ્યા પછી રાજદ્વારીઓની ત્રીજા દેશોની વારંવાર મુલાકાત અને દૂતાવાસના કર્મચારીઓમાં આંતરિક ઝઘડાને કારણે આવું બન્યું છે.

#### એન્ટીબાયોટિક્સની અસર થતી ન હોવાના બનાવ વધ્યા

## ભારત દેશમાં ૪૦થી ૭૦ ટકા દર્દી પર એન્ટિબાયોટિક્સ કામ નથી કરતી

### ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રિસર્ચના રિપોર્ટમાં ખુલાસો, દેશની ૨૧ હોસ્પિટલોમાંથી ડેટા મેળવાયો

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતમાં એન્ટીબાયોટિક દવાઓ બેઅસર થવામાં ઝડપી વૃદ્ધિ થઈ રહી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રિસર્ચ (આઈસીએમઆર)ના તાજેતરના રિપોર્ટ મુજબ, ભારતમાં છેલ્લા ૫ વર્ષમાં દર્દીઓએ એન્ટીબાયોટિક દવા લીધા બાદ તેની કોઈ અસર ન થઈ હોવાની સંખ્યામાં વધારો છે. વિવિધ હોસ્પિટલોના અભ્યાસ મુજબ ૪૦થી ૭૦ ટકા દર્દીઓ પર એન્ટિબાયોટિક દવાઓ કામ કરી રહી નથી... ગંભીર ઈન્ફેક્શના સારવારમાં ઉપયોગી એન્ટિબાયોટિક દવાઓ કેમ કામ કરી રહી નથી... જો ડૉક્ટરો વિચાર્યા વગર એન્ટિબાયોટિક દવાઓ લખતા રહેશે અને દર્દીઓ ડોક્ટરની સલાહ




વગર આવી દવાઓ ખાતા રહે તો ગંભીર પરિણામો સર્જાઈ શકે છે... એન્ટિબાયોટિક દવાઓ મામલો ભારતીયો સાથે આવું જ થઈ રહ્યું છે.

ભારતની સૌથી મોટી મેડિકલ રિસર્ચ સંસ્થાએ દેશની ૨૧ હોસ્પિટલોમાંથી ગત વર્ષે જાન્યુઆરીથી લઈને ડિસેમ્બર સુધીનો ડેટા મેળવ્યો છે. આ હોસ્પિટલોમાં આઈસીયુમાં દાખલ દર્દીઓના એક લાખ સેમ્પલ એકત્ર કરાતા હતા. આ સેમ્પલોની તપાસ કર્યા બાદ ૧૭૪૭ પ્રકારના ઈન્ફેક્શનવાળા બેક્ટરેયા મળ્યા, જેમાંથી ઈ કોલાઈ બેક્ટેરિયા અને ક્લેબસેલા નિમોનિયાના બેક્ટેરિયા સૌથી વધુ જિદ્દી થયા છે... આ બેક્ટેરિયાના શિકાર દર્દીઓએ એન્ટિબાયોટિક દવાઓ ખાધી, પરંતુ તે દવા કોઈપણ પ્રકારે કામમાં આવી નથી. ૨૦૧૭માં ઈ કોલાઈ બેક્ટેરિયાના શિકાર ૧૦માંથી ૮ દર્દીઓને જ્યારે ૨૦૨૨માં ૧૦માંથી માત્ર ૬ દર્દીઓને એન્ટિબાયોટિક દવા ઉપયોગી નિવળી હતી. ઉપરાંત ૨૦૧૭માં ક્લેબસેલા નિમોનિયા ઈન્ફેક્શનથી પીડિત ૧૦માંથી ૬ દર્દીઓ અને ૨૦૨૨માં ૧૦માંથી માત્ર ૪ દર્દીઓને દવા ઉપયોગી નિવળી હતી. ઈન્ફેક્શન દર્દીઓના બ્લડ સુધી પહોંચી તેમને વધુ બીમાર કરી રહ્યું છે.

### નેધરલેન્ડની રોટરડેમ યુનિ.માં અંધાધૂંધ ફાયરિંગમાં ૩નાં મોત

। રોટરડેમ, તા.૨૯ ।

યુરોપિયન દેશ નેધરલેન્ડની રોટરડેમ યુનિવર્સિટીમાં થયેલા અંધાધૂધ ફાયરિંગ બાદ આખા દેશમાં ખળભળાટ મચી ગયો છે. આ ફાયરિંગમાં ત્રણ લોકોના મોત થયા છે પણ આ આંકડો હજી વધી શકે તેવી શક્યતા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે બંદુકધારી વ્યક્તિએ યુનિવર્સિટીના ક્લાસરૂમો અને નજીકના ઘરો પર અઁધાધૂધ ગોળીઓ વરસાવી હતી. ઘણાને ગોળીઓ વાગી છે. પોલીસે જોકે હજી સુધી મોતનો સત્તાવાર આંકડો જાહેર કર્યો નથી. પોલીસનુ કહેવુ છે કે, ઈજાગ્રસ્તોને હોસ્પિટલોમાં લઈ જવાયા છે. પોલીસે આ મામલામાં ૩૨ વર્ષના એક વ્યક્તિની ધરપકડ કરી છે. ઓનલાઈન પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં પોલીસ ફાયરિંગ બાદ વિદ્યાર્થીઓને બહાર નીકળવાના આદેશો આપતી જોઈ શકાય છે. યુનિવર્સિટીના મેડિકલ સેન્ટર પર ગનમેને ફાયરિંગ કર્યુ હતુ. પોલીસનુ કહેવુ છે કે, જેમના મોત થયા છે કે ઈજા થઈ છે તેવા લોકોના પરિવારજનોને જાણકારી આપવામાં આવી રહી છે.


#### બાયડેને પૂર્વ રાષ્ટ્રપતિ સામે ગંભીર આક્ષેપ

## અમેરિકામાં કંઈક ઘાતક થઈ રહ્યું છે તેથી લોકશાહી માટે ખતરો છે

### દેશમાં એક કટ્ટરપંથી અભિયાન ચલાવાઈ રહ્યું છે જે લોકશાહીને અનુરૂપ ન હોવાનું અમેરિકાના રાષ્ટ્રપતિ

। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડેને તેમના હરીફ અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ગંભીર આરોપો મૂક્યા છે. તેમણે કહ્યું કે અમેરિકામાં કંઈક અત્યંત ઘાતક થઈ રહ્યું છે જે દેશના લોકતંત્ર સામે ગંભીર ખતરો પેદા કરશે. અમેરિકામાં આગામી વર્ષે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પની દાવેદારી સતત મજબૂત થઈ રહી છે અને એવું મનાય છે કે બાયડેનનું તાજેતરનું નિવેદન એ જ સંદર્ભમાં આવ્યું છે. જો બાયડેને અમેરિકી રાજ્ય એરિઝોનામાં એક સંબોધનમાં કહ્યું હતું કે અમેરિકામાં કંઈક અત્યંત ઘાતક થઈ રહ્યું છે,



દેશમાં એક કટ્ટરપંથી અભિયાન ચલાવાઈરહ્યું છે જે લોકશાહીને અનુરૂપ નથી. બાયડેને કહ્યું કે આપ ણે સૌએ યાદ રાખવું જોઈએ કે લોકશાહીને હથિયારોના જોરે ખતમ નહીં કરી શકાય પણ તે ત્યારે જ ખતમ થઈ શકે છે જ્યારે લોકો ચુપ રહે અને મજબૂતાઈથી પડકારોનો સામનો ન કરે. વિપક્ષી દળ રિપબ્લિકન સામે નિશાન તાકતાં બાયડેને કહ્યું કે રિપબ્લિકન પાર્ટીનું આજે મેગામૂવમેન્ટના કટ્ટરપંથી સમર્થકો દ્વારા સંચાલિત કરવામાં આવી રહી છે. કટ્ટરપંથીઓનો એજન્ડા, અમેરિકાના લોકતાંત્રિક સંસ્થાનોમાં બદલાવ લાવવાનો છે. ઉલ્લેખનીય છે કે મેગામૂવમેન્ટ ટ્રમ્પના ચૂંટણી નારા મેક અમેરિકા, ગ્રેન અગેનનું નાનું સ્વરૂપ છે. બાયડેને કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ અંગત રીતે શક્તિશાળી બનાવાની ઈચ્છા ધરાવે છે અને તેમને લોકશાહીના સિદ્ધાંતો અને મૂલ્યોમાં વિશ્વાસ નથી. બાયડેને મેક અમેરિકા ગ્રેટ અભિયાનને દેશની રાજકીય વ્યવસ્થા માટે ગંભીર ખતરો ગણાવ્યો છે.


#### ભારત પર આક્ષેપ બાદ ટ્રુડો ચારેબાજુથી ઘેરાયા

## બાંગ્લાદેશે કેનેડાની ઝાટકણી કાઢતા પ્રત્યાર્પણ નીતિઓ સામે આક્રોશ કર્યો

### હાલ સ્થિતિ એવી છે કે હત્યારાઓ કેનેડા જઈને શરણ લઈ શકે છે અને એક શાનદાર જીવન જીવી શકે છે : બાંગ્લાદેશ

। ટોરેન્ટો, તા.૨૯ ।

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ ભારત પર ગંભીરઆરોપ લગાવ્યા બાદ હવે તે ચારેય બાજુએથી ઘેરાયા છે. ભારત પર લગાવેલા પાયાવિહોણા આરોપ બાદ વિશ્વના દેશોએ કેનેડિયન પીએમની ઝાટકણી કાઢી છે ત્યારે હવે આ લિસ્ટમાં બાંગ્લાદેશે પણ કેનેડાની ઝાટકણી કાઢતા પ્રત્યાર્પણ નીતિઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. બાંગ્લાદેશે કેનેડાને લઈને પોતાનો ગુસ્સો કર્યો છે. બાંગ્લાદેશના વિદેશમંત્રી એકે અબ્દુલ મોમેને દાવો કર્યો છે કે કેનેડા તમામ હત્યારાઓનું



કેન્દ્ર નહોવું જોઈએ. હાલ સ્થિતિ એવી છે કે હત્યારાઓ કેનેડા જઈને શરણ લઈ શકે છે અને એક શાનદાર જીવન જીવી શકે છે. બાંગ્લાદેશે આપેલી આ તીખી પ્રતિક્રિયા બંને દેશો વચ્ચે વધતી કડવાશ તરફ ઈશારા કરે છે કે કેનેડા કેવી રીતે ગુનેગારોનું શરણસ્થાન બની રહ્યું છે અને તે તેના કવચ તરીકે કામ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે કેનેડાએ બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર રહેમાનના હત્યારા નૂર ચૌધરીના પ્રત્યાર્પણ કરવાનો ઈનકાર કરી દીધો છે જેના બાદમાં બાંગ્લાદેશે કેનેડા પર આકરી પ્રતિક્રિયા આપી છે. બાંગ્લાદેશના વિદેશમંત્રીએ ભારત સાથેના સંબંધ વિશે વાત કરતા કહ્યું હતુ કે અમારા ભારત સાથેના સંબંધો ઘણા સારા છે. આ ઉપરાંત તેણે ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવ પર કહ્યું હતું કે મને આ મુદ્દા વિશે વિગતવાર જાણકારી નથી પરંતુ હું અમારા અને કેનેડા સાથેના મુદ્દા વિશે જાણુ છું. શેખ મુજીબુર્ર રહેમાનના હત્યારો નૂર ચૌધરી કેનેડામાં એક સારુ જીવન જીવી રહ્યો છે.

## તંત્રી લેખ...

# આતંકીઓની સંપત્તિ જપ્ત કરવાની છે, તેની યાદી તૈયાર

જમ્મુ-કાશ્મીરમાં ચાર હજારથી વધારે આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવાનો નિર્ણય આતંકી તંત્રને નષ્ટ કરવાની દિશામાં એક મોટી અને પ્રભાવી કાર્યવાહી છે. જે આતંકીઓની સંપત્તિ જપ્ત કરવાની છે, તેની યાદી તૈયાર થઈ ગઈ છે. તેમાંથી મોટાભાગના એ આતંકીઓ છે, જે સીમા પાર એટલે કે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં સંચાલિત આતંકી શિબિરોમાં રહે છે. કાશ્મીરમાં વધ્યા-ઘટ્યા આતંકી નેટવર્કને ધ્વસ્ત કરવા માટે આ પ્રકારની કાર્યવાહી જરૂરી છે. આ જ પ્રકારની કાર્યવાહી એ તત્ત્વો વિરુદ્ધ પણ કરવી જોઈએ, જે પરોક્ષ કે પ્રત્યક્ષ રૂપે આતંકીઓની તરફદારી કરે છે કે પછી તેમને ગુપચુપ રૂપે સમર્થન અથવા સંરક્ષણ આપે છે. તેની અવગણના ન કરી શકાય કે કાશ્મીર ઘાટીમાં આતંકીઓના સમર્થક હજુ પણ મોજૂદ છે. તેમાંથી કેટલાક તો સરકારી વિભાગોમાં પણ કાર્યરત હતા. એ સારું થયું કે તેમની ઓળખ કરીને તેમના વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી, કારણ કે તેઓ આતંકીઓ માટે જાસૂસી કરતા હતા. ધ્યાન રહે કે કેટલાય કાશ્મીરી હિંદુઓ આતંકવાદીઓનો નિશાનો એટલા માટે બન્યા, કારણ કે તેમના વિશે આવા લોકોએ જ બાતમી આપી હતી. આ જ રીતે આતંકીઓને આર્થિક સહાયતા આપનારા લોકો પર પણ સકંજો કસવામાં આવ્યો છે. તેમાં કેટલાય મોટા વેપારીઓ પણ હતા. એક એવા સમયે જ્યારે કાશ્મીરનું વાતાવરણ ઝડપથી બદલાઈ રહ્યું છે અને અહીં શાંતિ અને સ્થિરતા સ્થાપિત થઈ રહી છે, તો પછી એ જરૂરી છે કે આતંકીઓ સાથે સહાનુભૂતિ રાખવા કે પછી છૂપી રીતે તેમની મદદ કરનારાઓ વિરુદ્ધ દાખલો બેસે તેવી કઠોર કાર્યવાહી કરવામાં આવે. આ એટલે જરૂરી છે, કારણ કે કાશ્મીરમાં આતંકીઓની સક્રિયતા પાછળ એવાં જ તત્ત્વો છે. આ સક્રિયતાનું એક પ્રમાણ હાલમાં જ બે દિવસ પર મળ્યું, જ્યારે શ્રીનગર-બારામુલા રાષ્ટ્રીય રાજમાર્ગ પર એક બારુદી સુરંગને નિષ્ક્રિય કરવામાં આવી. કાશ્મીરમાં કેટલાક એવાં પણ તત્ત્વો છે જે યુવાનોને આતંકના રસ્તે જવા માટે ઉશ્કેરે છે અથવા અલગતાવાદને હવા આપે છે. થોડા દિવસ પહેલાં જ બારામુલામાં સુરક્ષા દળોએ લશ્કરના એક આતંકી ભરતી મોડ્યૂલનો પર્દાફાશ કરીને ચાર લોકોની ધરપકડ કરી. તેમાં એક મહિલા પણ હતી. તેઓ પાકિસ્તાન આધારિત આતંકી સંગઠન લશ્કર માટે કામ કરી રહ્યા હતા. પાકિસ્તાન ભલે ભીખ માગતું હોય, પરંતુ તે કાશ્મીરમાં આતંકને હવા આપવાનું બંધ નથી કરતું. તે આતંકીઓની ઘૂસણખોરી કરાવવાની કોશિશ કરતું રહે છે, સાથે જ કાશ્મીરમાં સક્રિય આતંકીઓ માટે ડ્રોન દ્વારા હથિયાર પણ મોકલે છે. પાકિસ્તાન આતંકને ઉત્તેજન આપવાને કારણે એકલું પડી ગયું છે, પરંતુ તેમ છતાં તે પોતાનાં કરતૂતો છોડતું નથી. તેની આ હરકતોથી તેની સાથે હમદર્દી રાખનારા ઈસ્લામી દેશો પણ કંટાળી ગયા છે. આ જ કારણે ભારતની રાજકીય યાત્રા પર આવેલા સઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહંમદ બિન સલમાને પાકિસ્તાન તરફ સંકેત કરતાં કહ્યું કે તેણે આતંકનો રસ્તો છોડવો જ પડશે.

# ભારતની કૂટનીતિક કૌશલ્યનો જ કમાલ

ભારત પોતાની અધ્યક્ષતામાં આયોજિત જી-૨૦ શિખર સંમેલનની બેઠકના પહેલા જ દિવસે જે રીતે તમામ સદસ્ય દેશો વચ્ચે સહમતિ બનાવવા અને સંયુક્ત ઘોષણાપત્ર જાહેર કરવામાં સક્ષમ થયું, તે તેની કૂટનીતિક કૌશલ્યનો જ કમાલ છે. ભારતના નેતૃત્વમાં જી-૨૦ શિખર સંમેલનના સંયુક્ત ઘોષણાપત્ર પર સહમતિ સ્થાપવી એટલા માટે ભારતીય નેતૃત્વની એક મોટી જીત છે, કારણ કે એવી આશંકા હતી કે યુક્રેન યુદ્ધને કારણે સંયુક્ત ઘોષણાપત્ર તૈયાર થવું મુશ્કેલ બનશે. એ આશંકા ત્યારે ઓર વધી ગઈ હતી, જ્યારે જી-૨૦ દેશોના નાણાં મંત્રીઓ અને વિદેશ મંત્રીઓ શિવાય અન્ય બેઠકોમાં કોઈ સંયુક્ત વક્તવ્ય જારી નહોતું થઈ શક્યું. ત્યારબાદ જ્યારે રશિયન રાષ્ટ્રપતિ અને પછી ચીની રાષ્ટ્રપતિ નવી દિલ્હી આવવાથી દૂર રહ્યા, ત્યારે પણ સંયુક્ત ઘોષણાપત્ર જારી થવાને લઈને શંકા વધી ગઈ હતી, પરંતુ અંતે ભારતીય નેતૃત્વએ એ કરી બતાવ્યું, જે અસંભવ જેવું લાગતું હતું. ભારત સંયુક્ત ઘોષણાપત્રને લઈને સહમતિ બનાવવામાં એટલા માટે સક્ષમ થઈ શક્યું, કારણ કે તેણે વૈશ્વિક હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી અને એક બહેતર દુનિયાના નિર્માણ માટે એકબીજા પર ભરોસો કરવા અને મળીને કામ કરવાની મહત્તાને પ્રભાવી રીતે રેખાંકિત કર્યું. ભારત જી-૨૦ દેશો વચ્ચે તનાતની હોવા છતાં સંયુક્ત ઘોષણાપત્ર પર સહમતિ સ્થાપવામાં જ સફળ નથી રહ્યું, પરંતુ તે સદસ્ય દેશોને તેના માટે રાજી કરવામાં પણ સફળ રહ્યું કે ૫૫ દેશોવાળા આફ્રિકી સંઘને પણ આ વિશિષ્ટ સમૂહનો હિસ્સો બનાવવો જોઈએ. ભારતની આ પહેલને જે સફળતા મળી, તેનાથી તેને આફ્રિકી દેશોની સદાશયતા તો મળશે જ, તેનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ પણ વધશે. નિ:સંદેહ મહત્ત્વપૂર્ણ માત્ર એટલું જ નથી કે ભારત સંયુક્ત ઘોષણાપત્ર જાહેર કરવામાં સફળ થયું, પરંતુ એ પણ છે કે તેના માધ્યમથી તે મોટા દેશોને એ સંદેશ આપવાાં સક્ષમ થયું કે ટકાઉ, સંતુલિત અને સમાવેશી વિકાસની દિશામાં આગળ વધવું સમયની માંગ છે. સંયુક્ત ઘોષણાપત્રની એક વિશેષ વાત એ પણ છે કે તે અત્યાર સુધીનું સૌથી વ્યાપક ઘોષણાપત્ર છે, જેમાં જળવાયુ પરિવર્તન સામે મુકાબલો કરવાની સાથે સાથે લૈંગિક સમાનતા પર ભાર મૂકવા અને મહિલાઓ તથા છોકરીઓને સશક્ત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જી-૨૦ શિખર સંમેલને એ પણ દેખાડી દીધું કે ભારત આંતરરાષ્ટ્રીય હિતોના સંરક્ષક બનવાની સાથે વિશ્વને દિશા આપવામાં પણ સમર્થ થઈ રહ્યું છે. તેનો પરિચય વડાપ્રધાન મોદી તરફથી સ્વચ્છ ઈંધણના ઉપયોગને ઉત્તેજન આપવા માટે વૈશ્વિક જૈવ ઈંધણ ગઠબંધન બનાવવાની જાહેરાતથી મળ્યું. તેના પહેલાં ભારત આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની શરૂઆત કરી ચૂક્યું છે. હવે આ ગઠબંધનના સદસ્યોની સંખ્યા સોથી વધુ થઈ ગઈ છે. સ્પષ્ટ છે કે ભારત ખુદને એક ઉભરતી શક્તિ રૂપે સ્થાપિત કરવાની સાથે જ પોતાના કૂટનીતિ કૌશલ્યથી વિશ્વ પર અમીટ છાપ છોડવામાં પણ સફળ રહ્યું. જી-૨૦ ને ગ્રુપ ઓફ ટ્વેન્ટી પણ કહેવામાં આવે છે. આ જૂથમાં ૧૯ દેશના સભ્યો છે અને જૂથનો ૨૦ મો સભ્ય યુરોપિયન યુનિયન છે. G-૨૦ સમિટનું આયોજન વર્ષમાં એકવાર થાય છે. તેને વિશ્વનું સૌથી મોટું વૈશ્વિક પ્લેટફોર્મ માનવામાં આવે છે

# શ્રાદ્ધ પક્ષમાં શું માત્ર શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ અદા થઈ જાય છે? કે પછી જીવતા જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



શ્રાવણ જતાં ભાદરવો શરૂ થયો, ગણેશ વિસર્જન પણ પૂર્ણ થયું, બસ આ રીતે ભારતીય ઋષિમુનિઓએ માનવીનું જીવન ધર્મ પરાયણ રહે એ માટે દર મહિને કોઈને કોઈ તિથિ વાર પ્રમાણે તેનું મહત્વ દર્શાવવી સમાજને અનુશાસનમાં રાખવાનું ખુબ સુંદર કામ કર્યું છે. આમ તો આજે ભાદરવી પૂનમ છે, અને આ દિવસે અંબાજી ખાતે બહુ મોટાં મેળાનું આયોજન કરવામાં આવે છે, અને લાખો લોકો પોતાની આસ્થા માતા ને ચરણે રાખવા પગપાળા આ યાત્રા કરે છે. આજથી શ્રાદ્ધ શરું થાય છે, એટલે આપણા પિતૃઓના ચરણોમાં શ્રાદ્ધ રુપે શ્રદ્ધા સુમન સમર્પિત કરવા એ વિશે જોઈએ. ભાદરવા મહિનામાં શુક્લ પક્ષના, એટલે કે અજવાળિયાના ૧૫ દિવસ દેવોના ગણાય છે, અને બાકીના કૃષ્ણ પક્ષના એટલે કે અંધારીયા ના ૧૫ દિવસ પિતૃના ગણવામાં આવે છે. આપણે ગણેશનો ઉત્સવ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવ્યો, અને પ્રકૃતિને નુકશાન ન થાય એ રીતે વિસર્જન પણ કર્યુ. શાસ્ત્રોમાં કહ્યા મુજબ માનવી પર ત્રણ પ્રકારના ઋણ હોય છે, દેવ ઋણ, આચાર્ય ઋણ, અને પિતૃ ઋણ, જે તેને પોતાના જીવન દરમિયાન એમની તરફના ભાવથી ઉતારવાનું હોય છે. દેવદેવીને લઈને તો આપણે ત્યાં કેટલા એ ઉત્સવો ઉજવાય છે, અને એ સમય દરમિયાન આપણે પૂજા પાઠ, યજ્ઞ, દાન, ઈત્યાદી કરી દેવ ઋણ ઉતારવાની કોશિશ કરતા હોઈએ છીએ. આચાર્ય ઋણ પણ ગુરુપૂર્ણિમા જેવા દિવસે ગુરુદક્ષિણા આપીને કે પછી અન્ય રીતે ઉતારવાની કોશિશ કરતા હોઈએ છીએ. પિતૃઓના તર્પણ માટે ભાદરવા મહિનાના કૃષ્ણ પક્ષના ૧૬ દિવસ મુકરર કરવામાં આવ્યા છે, અને તેને આપણે ત્યાં શ્રાદ્ધ કહેવામાં આવે છે. તો પ્રશ્ન એ થાય કે શ્રાદ્ધ પક્ષમાં શું માત્ર શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ અદા થઈ જાય છે?? કે પછી જીવતા જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે?? આમ તો જીવતા હોય ત્યારે તેમને સંતોષ રહે, એ રીતનું જીવન જીવવું જોઈએ, જેથી કરીને પિતૃઓની સદગતિ થાય. પરંતુ ભાદરવા મહિનાના આ કૃષ્ણ પક્ષના ૧૫ દિવસ દરમિયાન તેમની મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે, તો એમની સદગતિ થાય છે. એવી એક વાત આપણી સંસ્કૃતિમાં જોવા મળે છે. માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય! એટલે સંપૂર્ણપણે શ્રદ્ધા વધારતું પર્વ એટલે શ્રાદ્ધ. આપણે ત્યાં જ પૂર્વ જન્મ અને પુનર્જન્મની બહુ મોટી વાત છે, બીજા ધર્મમાં એ વાતની પુષ્ટિ થતી નથી. એટલે કે પિતૃનું અસ્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જોવા મળે છે, અને સૌ પ્રથમ બ્રહ્માજીએ શ્રાદ્ધની વાત કરી હતી. તેમણે પુરાણોમાં કહ્યું છે કે પિંડદાન કરીને, પિતૃનું તર્પણ કરવાથી તેમની સદગતિ થાય છે. મહાભારતના શાંતિ પર્વ નામના અધ્યાયમાં યુધિષ્ઠિર એ પણ પિતામહ ભિષ્મને આ સવાલ કરે છે, કે શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી, અને શ્રાદ્ધ શું કામ કરવું જોઈએ? ત્યારે પિતામહ ભીષ્મ પણ આ જ જવાબ આપે છે, અને કહ્યું કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું, જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ નેમી રાજાએ પીંડ દાન મુકીને કર્યું હતું. એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી પરના અસ્તિત્વથી જ શરૂ થયેલો છે, અને દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે.

આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતા જોવા મળે છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ ૧૬ દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુ તિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે, અને જે તે વ્યક્તિના મૃત્યુ પછી ત્રીજા વર્ષમાં શ્રાદ્ધ બેસાડવામાં આવે છે. એટલે કે એમને પિતૃમાં ભેળવવામાં આવે છે, અને એની ખાસ કર્મકાંડીય વિધિ કરવામાં આવે છે. એમ તો પૂનમથી અમાસ સુધીના ૧૬ દિવસમાં આપણાં વડવાઓથી શરૂ કરી ઘણા બધા મૃત્યુ પામેલા હોય, છતાં આપણે ત્યાં શ્રાદ્ધમાં ભેળવવાની વિધિ પણ સુંદર છે, જેને કારણે આપણે એક જ શ્રાદ્ધ કરવું પડે છે. પતિ પત્ની પણ અંતે તો એક જ હોવાથી એમનું પણ એક જ શ્રાદ્ધ કરવામાં આવે છે, સિવાય કે પત્ની પતિ કરતા પહેલાં અવસાન પામે તો એનું અલગ શ્રાદ્ધ કરવું પડે. એકમનું શ્રાદ્ધ કરવાથી વંશવૃદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે સંતાન મેળવવાની ચાહ રાખનાર લોકો એ દિવસે પોતાના પિતૃઓનું શ્રાદ્ધ ન હોવા છતાં એકમનું શ્રાદ્ધ કરે છે. જ્યારે અમાસનું શ્રાદ્ધ કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે, એવી પણ એક વાત શાસ્ત્રોમાં કરવામાં આવી છે, એટલે જ એને સર્વ પિતૃઓમાં કહેવામાં આવે છે. એટલે કોઈને વાર તિથી યાદ ન હોય તો પણ એ અમાસનું શ્રાદ્ધ કરી શકે, એવી પણ આપણે ત્યાં એક વાત છે. આપણે ત્યાં શ્રાદ્ધ દરમિયાન કાગવાસ નાખવાની પણ એક પ્રથા છે. કાગડાનું આયુષ્ય ૨૦૦ વર્ષનું આંકવામાં આવ્યું છે, એટલે કે કાગડાએ આપણા પિતૃઓને જોયા જ હોય, એ રીતે તેને શ્રદ્ધાથી કાગવાસ નાખવામાં આવે છે. આ ઉપરાંત ભાદરવા મહિનામાં જ કાગડી બચ્ચાને જન્મ આપતી હોવાથી, એ રીતે પક્ષીનો વંશવેલો વધે અને એ પ્રજાતિ જીવીત રહે એવું પણ આની પાછળ એક કારણ છે. કાગડાની ચરકમાંથી પીપળો અને વડ જેવા વૃક્ષો ઉત્પન્ન થતા હોય છે, અને પીપળો વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મુક્ત કરતું વૃક્ષ હોવાથી, એ રીતે પણ એ લાભદાયી છે. આ ઉપરાંત પીપળામાં પિતૃઓનો વાસ છે, એવી એક માન્યતા હોવાથી, પીપળે પાણી રેડવાની આપણે ત્યાં પ્રથા છે, અને એને કારણે પણ પીપળાના વૃક્ષ નો વધુને વધુ ઉછેર થાય, અને વાતાવરણમાં શુદ્ધ ઓક્સિજન ભળતો રહે, એ તેનું મુખ્ય કારણ છે. શ્રાદ્ધમાં ગૌગ્રાસની પણ આપણે ત્યાં પરંપરા છે. ગાયમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ હોવાથી, આ રીતે આપણા પિતૃ તર્પણ નિમિત્તે દેવતાઓને પ્રસન્ન કરવાની એક ચેષ્ટા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગાયના મળમૂત્રથી શરૂ કરીને દૂધ અને દૂધની બનાવટો વગેરેથી આપણે નિરોગી રહી શકીએ છીએ. ભાદરવા મહિનામાં આંકરા તડકા પડતા હોવાથી ગાયુંને ઘાસ વગેરે મળી રહેતું નથી, અને તેથી ગૌ વંશની રક્ષાનું આ વ્રત શ્રાદ્ધ ને દિવસે ગાયને થાળી જમાડવી,એ વાત આ રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. શ્રાદ્ધમાં આપણે ત્યાં દૂધપાક અને ખીર વગેરે વ્યંજનો બનાવવામાં આવે છે. સંધિ કાળના આ સમયગાળા દરમિયાન, માનવીય શરીરમાં પિત્તજન્ય રોગોનો વિકાર થવાની પૂર્ણપણે શક્યતા રહેલી છે, અને દૂધ એ પિત્ત માટે સૌથી ઉત્તમ ઔષધી હોવાથી, આ રીતે ભાદરવા પૂનમથી શરૂ કરી શરદપૂર્ણિમા સુધી દૂધનું સેવન કરવાથી, એ આરોગ્ય માટે લાભદાયક બને છે. દૂધપાક કે ખીરમાં સાકર કે ખાંડ ઉમેરવામાં આવે છે અને ગળ્યા પદાર્થો આમ પણ માનવીની માનસિક નબળાઈ હોય છે. મીઠાઈ વગેરે ખાવાથી મન પણ પ્રફુલિત રહે છે, એટલે આ રીતે માનવી પોતાનું શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે છે. શ્રાદ્ધ ને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજન નું પણ મહત્વ છે, પહેલાં આપણે ત્યાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતા નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો પણ એક મહિમા છે. તો આપણે સૌ પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે વધુને વધુ શ્રદ્ધા રાખી આપણા પિતૃના ચરણોમાં શ્રદ્ધા સુમન રાખી આ શ્રાદ્ધ પર્વની ઉજવણી કરીશું, અને પિતૃ ઋણ ઉતારવાની આ રીતે મળતી તક ને અનુસરીને આપણી સંસ્કૃતિ ને સદા જીવંત રાખીએ અને, એમનાં જીવતા જ આપણે આપણાં હદયમાં માતા પિતા તેમજ વડીલો માટે માન સન્માન અને આદરની લાગણી સદા અકબંધ રાખીએ, એટલે એમને પિતૃ યોનીમાં જવું જ ન પડે, સનાતન ધર્મની જય.

# શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓને પિંડદાન-શ્રાદ્ધ કરવાથી કે તેમની કોઇપણ પ્રકારે ઉપાસના કરવાથી પિતૃઓ સંતુષ્ટ થઇને આશીર્વાદ આપે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ભાદરવા વદ પક્ષને પિતૃ યા શ્રાધ્ધ પક્ષ કહેવામાં આવે છે. આ ૧૫ દિવસો દરમિયાન, પૂર્વજોને યાદ કરવામાં આવે છે, જે આપણા પૂર્વજો છે, અને તેમના આત્માની શાંતિ માટે દાન અને શ્રાદ્ધ વિધિ કરવામાં આવે છે, પુરાણમાં શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓને પિંડદાન- શ્રાદ્ધ કરવાથી કે તેમની કોઈપણ પ્રકારે ઉપાસના કરવાથી પિતૃઓ સંતુષ્ટ થઈને આશીર્વાદ આપે છે. પિતૃદોષ દૂર થાય એટલે ઘરમાં સુખશાંતિ અને સમૃદ્ધિ વધે છે. જેમાં તર્પણ, પિંડ દાન અને શ્રાદ્ધ કરવાની પરંપરાનો સમાવેશ થાય છે.

પિતૃ પક્ષની શરૂઆત ગણપતિ બાપ્પાની વિદાય થતાં જ થઈ જશે. એટલે કે,અનંત ચતુર્દશીના આગામી દિવસથી પિતૃ પક્ષની શરૂઆત થઈ જશે. પૂર્ણિમા તિથિનું શ્રાદ્ધ ૨૯મી સપ્ટેમ્બરના રોજ થશે અને પિતૃ અમાવસ્યા ૧૪મી ઓક્ટોબરના રોજ થશે. એટલે કે, પિતૃ પક્ષનો આરંભ ૨૯મી સપ્ટેમ્બરના રોજ થશે અને સમાપન ૧૪મી ઓક્ટોબરના રોજ થશે. પિતૃઓનું શ્રાદ્ધ કરાવતી વખતે બ્રાહ્મણોને ભોજન કરાવવાથી પૂર્વજ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે. આ દરમિયાન પૂર્વજોની મૃત્યુ તિથિ અનુસાર, શ્રાદ્ધ કરવાની પરંપરા છે. જે પિતૃઓની મૃત્યુ તિથિ જ્ઞાત નથી હોતી તેઓનું શ્રાદ્ધ અમાવસ્યા તિથિના દિવસે કરવામાં આવે છે. પિતૃ પક્ષમાં કોઈ બ્રાહ્મણને આદર અને સન્માન પૂર્વક ઘરે બોલાવો અને ભોજન કરાવો. બ્રાહ્મણોને ભોજન અગાઉ કોઈ સભ્યને તે ભોજન ના આપો. બ્રહ્મ ભોજન બાદ ગાય, કુતરાં અને કાગડાને ભોજન કરાવો. શ્રાદ્ધ પક્ષનો આરંભ બપોરના સમયે કરવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. બ્રાહ્મણોના સહયોગથી મંત્રોચ્ચારની સાથે શ્રાદ્ધ આરંભ કરો અને ત્યારબાદ જળથી તર્પણ કરો. હવે પિતૃઓનું ધ્યાન ધરી તેઓને ભોજન સ્વીકાર કરવાની પ્રાર્થના કરવી જોઈએ. અગ્નિપુરાણ'નાં ૧૧૭માં અધ્યાય માં 'શ્રાદ્ધ કલ્પ'માં અગ્નિદેવે કામ્ય કલ્પ ઈચ્છાનું વર્ણન કર્યું છે કે, કયા દિવસે શ્રાદ્ધ કરવાથી શું ફળ મળશે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.પ્રતિપદા- એકમના શ્રાદ્ધથી ધન-સંપત્તિ. દ્વિતિયા- બીજના શ્રાદ્ધથી શમ બને છે તે સુંદર સ્ત્રીઓ પ્રાપ્ત થાય છે. તૃતીયા- ત્રીજના શ્રાદ્ધથી શત્રુઓ નો વિનાશ થાય છે. ચતુર્થી- ચોથના શ્રાદ્ધથી ધર્મ અને કામની પ્રાપ્તિ થાય છે અને શત્રુની દરેક કૂટનીતિઓનું જ્ઞાાન થાય છે. પંચમી- પાંચમના શ્રાદ્ધથી ઉત્તમ- પવિત્ર લક્ષ્મી પ્રાપ્ત કરે છે અને પુત્રની કામનાનું ફળ પ્રાપ્ત થાય છે. ષષ્ઠી – છઠ્ઠના શ્રાદ્ધથી જાતક પર દેવતા અને પિતૃઓ પ્રસન્ન રહે છે અને સમાજમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે.સપ્તમી-સાતમના શ્રાદ્ધથી જાતકને પક્ષોનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે.ખેતરમાં અન્ન વધે છે. અષ્ટમી- આઠમના શ્રાદ્ધથી સંપૂર્ણ સિદ્ધિ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. બુદ્ધિ વધે છે. નવમી- નોમનું શ્રાદ્ધથી પ્રચુરમાત્રા માં ધન,સંપત્તિ,ઐૂર્ય તેમજ પોતાને અનુકૂળ ચાલવા વાળી સ્ત્રી પત્ની પ્રાપ્ત થાય છે. દશમી-દર્પશ્રાદ્ધથી- મહાલક્ષ્મી પ્રાપ્ત થાય છે. પશુ-વાહન સુખ મળે છે. એકાદશી-અગિયારનું શ્રાદ્ધ સર્વ શ્રેષ્ઠ છે તે જાતક સંપૂર્ણ વેદોનું જ્ઞાાન પ્રાપ્ત કરે છે. તેનાં સંપૂર્ણ પાપકર્મોનો નાશ થાય છે. પરિવારમાં વૃદ્ધિ થાય છે. દ્વાદશી- બારસના શ્રાદ્ધથી શબ્દનું કલ્યાણ કરવાની શક્તિ અને પ્રચુર માત્રામાં અનાજની પ્રાપ્તિ થાય છે તેને જયલાભ,પુત્રલાભ, બુદ્ધિ લાભ,સ્વતંત્રતા અને સંતોષ મળે છે. ત્રયોદશી- તેરસના શ્રાદ્ધથી ધન, સંતતિ,બુદ્ધિ,ઐશ્વર્ય, દીર્ઘાયુ તથા નિરોગી કાયાની પ્રાપ્તિ થાય છે તેમજ ભાઈઓ અને પરિવાર માં પ્રેમ વધે છે.

ચતુર્દશી-ચૌદશના શ્રાદ્ધ યુવાન મૃતકો માટે કરવામાં આવે છે. આનાથી હથિયારોની રક્ષા થાય છે. જે આત્મહત્યા, દુર્ઘટના, હત્યા, સર્પદંશ અને હથિયારોથી માર્યા ગયા હોય તેમનાં માટે ચૌદશનું શ્રાદ્ધ કરવામાં આવે છે. અમાવસ્યાનું શ્રાદ્ધ મૃતકો માટે સર્વ ઈચ્છાઓની પૂર્તિ માટે કરવામાં આવે છે. જે વ્યક્તિઓને ત્રણ પુત્રીનાં જન્મ બાદ પુત્ર હોય અથવા જોડકાં બાળકો હોય તેમણે અમાસનું શ્રાદ્ધ કરવું જોઈએ આ સિવાય મઘા નક્ષત્રમાં કરેલા શ્રાદ્ધને 'અક્ષય' કહેવામાં આવે છે.શ્રાદ્ધના નિયમમાં જે વ્યક્તિનું કુદરતી મૃત્યુ થઈ હોય તેમનું શ્રાદ્ધ માત્ર તેરસ અને અમાસે જ કરવું જોઈએ.અકાલ મૃત્યુ પ્રાપ્ત જાતકોનું શ્રાદ્ધ ચૌદસે જ કરવું.સુહાગણ સ્ત્રી મૃતક જાતકોનું શ્રાદ્ધ નવમી એ જ કરવું. માતા માટે પણ આ તિથિ ઉત્તમ છે.સંન્યાસી સાધુ મૃતક ગણોનું શ્રાદ્ધ ફક્ત બારસે જ કરવું.પૂર્ણિમાએ મૃત્યુ પામેલાનું શ્રાદ્ધ ફક્ત ભાદરવા સુદ પૂનમ અથવા આસો વદ અમાસે જ કરવામાં આવે છે.નાના-નાનીનું શ્રાદ્ધ આસો એકમે જ કરવું જોઈએ. વાચક ચાહક મિત્રો, આપણી લેખમાળાના મણકામાં હંમેશા કહું છું કે ભારતીય સંસ્કૃતિમાં આરોગ્ય સુખ શાંતિ સલામતી સમૃધ્ધિ સાથે અન્ય જીવો પર્યાવરણની ચિંતા કરી છે. આ સમયમાં કુતરાં કાગડા સમડી જેવા પશુ પક્ષીઓ કે જે કુદરતે પૃથ્વી પર મુકેલા સફાઈ કામદાર છે તેમનાં બચ્ચાં ઉછેરનો સમય ગાળો છે તેમનો સારી રીતે ઉછેર થાય અને આપણે આપણાં મૃતાત્મા પૂર્વજો પિતૃઓને યાદ કરી સહપરિવાર કુટુંબ સાથે બેસી ભોજન ગ્રહણ કરવાથી પરિવાર માં એકતા ભાઈચારાની ભાવના શ્રેષ્ઠ રીતે જળવાઈ રહે છે અને તેના થકી નવલાં નોરતાં દિવાળી સારી રીતે ઉજવી નવા વર્ષનો સુખ શાંતિ સમૃદ્ધિનો પુંજ પ્રકાશ માણી શકીએ.બસ આ ભાવના સંકળાયેલી છે. આ શ્રાદ્ધ પક્ષમાં પૂર્વજો પિતૃઓને શ્રાદ્ધ કર્મથી સંતુષ્ટ કરી સુખ, શાંતિ સમૃદ્ધિ આરોગ્ય ઉમદા મેળવો તેવી શુભેચ્છા પાઠવું છું.

છેલ્લે પૃથ્વી લોક પરના ધર્મ ધર્મગ્રંથો ધર્મસ્થાનો સૌ માનવ જીવને એક જ ઉપદેશ આપે છે જીવો અને જીવવા દો. માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય! એટલે સંપૂર્ણપણે શ્રદ્ધા વધારતું પર્વ એટલે શ્રાદ્ધ. આપણે ત્યાં જ પૂર્વ જન્મ અને પુનર્જન્મની બહુ મોટી વાત છે, બીજા ધર્મમાં એ વાતની પુષ્ટિ થતી નથી. એટલે કે પિતૃનું અસ્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જોવા મળે છે, અને સૌ પ્રથમ બ્રહ્માજીએ શ્રાદ્ધની વાત કરી હતી. તેમણે પુરાણોમાં કહ્યું છે કે પિંડદાન કરીને, પિતૃનું તર્પણ કરવાથી તેમની સદગતિ થાય છે. મહાભારતના શાંતિ પર્વ નામના અધ્યાયમાં યુધિષ્ઠિર એ પણ પિતામહ ભિષ્મને આ સવાલ કરે છે, કે શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી, અને શ્રાદ્ધ શું કામ કરવું જોઈએ? ત્યારે પિતામહ ભીષ્મ પણ આ જ જવાબ આપે છે, અને કહ્યું કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું, જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ નેમી રાજાએ પીંડ દાન મુકીને કર્યું હતું. એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી પરના અસ્તિત્વથી જ શરૂ થયેલો છે. અને દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે.

# IDP એજ્યુકેશનએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી શિક્ષણ લોન્સ પૂરી પાડવા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા સાથે વ્યૂહાત્મક ભાગીદારીની ઘોષણા કરી

। નવી દિલ્હી, તા.૨૯ ।

આંતરરાષ્ટ્રીય શિક્ષણ સેવામાં અગ્રણી એવી IDP એજ્યુકેશનએ પોતાના વિદેશ અભ્યાસ માટે શૈક્ષણિક લોન મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે દેશની અગ્રણી બેક્ક સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિય (એસબીઆઇ) સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

IDP અને સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિયા વચ્ચેનો સહયોગ આંતરરાષ્ટ્રીય એજ્યુકેશન ક્ષેત્રે મહત્ત્વનું પગલું પૂરવાર કરે છે કેમ કે બન્ને અગ્રણીઓ તેમની કુશળતાઓનું જોડાણ કરે છે અને જે વિદ્યાર્થીઓ વિદેશમાં શિક્ષણ મેળવવા ધારે છે તેમના માટે ધિરાણની મુસાફરીને સરળ બનાવે છે.

આ કરાર પર IDP એજ્યુકેશનના સાઉથ એશિયા અને મૌરીશિયસના રીજીયોનલ ડિરેક્ટર શ્રી પિયુષ કુમાર અને એસબીઆઈના નાયબ જનરલ મેનેજર (પર્સોનલ લોન્સ) શ્રી પંકજ કુમાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને આ પ્રસંગે એસબીઆઈના ચિફ જનરલ મેનેજર (પર્સોનલ બેક્કિંગ) શ્રી જન્મેન્જય જ્હા અને જનરલ મેનેજર (રિટેલ એસેટ-પર્સોનલ બેક્કિંગ)ના શ્રીમતી સુમન લતા ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા.

IDP એજ્યુકેશનનના સાઉથ એશિયા અને મૌરીશિયસના રીજીયોનલ ડિરેક્ટર શ્રી પિયુષ કુમારએ જણાવ્યું હતુ કે, “અમને સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિયા સાથે ભાગીદારી કરવાનો ગર્વ છે, જે દેશમાં અત્યંત વિશ્વસનીય અને સૌથી જૂની બેક્ક છે.

# બજાજ ઓટોએ ભારતનું લોકપ્રિય 150 cc પલ્સર N150 નવા અવતારમાં લોન્ચ કર્યુ

## બાઇક ત્રણ ધ્યાનાકર્ષક કલર્સમાં ઉપલબ્ધ રહેશે – રેસિગ રેડ, ઇબોની બ્લેક અને મેટાલીક પર્લ વ્હાઇટ



। અમદાવાદ, તા.૨૯ ।

વિશ્વની સૌથી મોટી મૂલ્યવાન ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર કંપની બજાજ ઓટોએ ભારતમાં તદ્દન નવા પલ્સર N150 લોન્ચ કર્યા છે. પલ્સર N150 એ વિસ્તરતા પલ્સર પોર્ટફોલિયોમાં સુયોગ્ય ઉમેરણ છે, જે છેલ્લા ૧૮ મહિનાઓમાં અનેક સંવેદનશીલ લોન્ચીઝ ધરાવે છે, જેમાં અત્યાર સુધીમાં સૌથી મોટા પલ્સર N250 અને નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરનાર પલ્સર NS150, ભારતની સૌથી વધુ વેચાણ ધરાવતી સ્પોર્ટ્સ બાઈક ફેમિલી વધુ સારા નવા આંગતુકને વધાવે છે જે ફક્ત સૌથી મોટા પલ્સર મેનીયાકને જાળવી રાખવાનું જ નહી પરંતુ તે વિભાજનમાં અસંખ્ય નવાનો પણ ઉમેરો કરે છે.

આ ડિઝાઇન ડાયનામિક કેરેક્ટરલાઈન્સ અને શક્તિશાળી કેરેક્ટર લાઈન્સ, વધુ કડક પ્રમાણો અને આધુનિક એરો ડાયનામિઝમ ધરાવે છે. આકર્ષક અને મજબૂત ટાંકી બનાવવામાં આવી છે, જે આરામદાયક સીટ પૂરી પાડે છે, જે તેનો ધ્યાનકર્ષક પ્રોફાઈલ બનાવે છે. તે સ્પોર્ટીયર અંડરબેલી એક્સૌસ્ટથી સજ્જ છે, જે ઊંચા RPM પર ફરે છે. ફ્લોટીંગ બોડી પેન્લ્સ જેમ રે બેલી પાન, ફ્રંટ ફેયરીંગ અને ફ્રંટ ફેન્ડર સ્થાપિત પ્રોફાઈલને પૂર્ણ કરે છે.

બજાજ ઓટોના મોટરસાયકલ્સના પ્રેસિડન્ટ સારંગ કનાડેએ જણાવ્યુ હતુ કે, “વીસ વર્ષ પહેલાં, અમે પ્રથમ પલ્સર 150 cc મોટરસાઈકલ લૉન્ચ કરી હતી જેણે એન્ટ્રી-લેવલ સ્પોર્ટ બાઈકિંગ સેગમેન્ટમાં હલચલ પેદા કરી હતી અને ત્યારથી તે ભારતમાં સૌથી વધુ વેચાતી 150cc મોટરસાઈકલ છે. N150 સાથે, પલ્સર તેના સૌથી મોટા અને સૌથી નક્કર અવતારમાં રસ્તા પર શાસન કરવા માટે પાછું આવ્યું છે. તેની આક્રમક સ્ટાઈલ, સેગમેન્ટ-અગ્રણી સુવિધાઓ, સ્ટેલર ઓન-રોડ પર્ફોર્મન્સ અને અવિશ્વસનીય આકર્ષક પ્રાઈસ પોઈન્ટ તેને પલ્સર પરિવાર માટે એક શાનદાર મૂલ્યવર્ધન બનાવે છે. અમારો ધ્યેય સવારીનો આનંદ દરેક માટે સુલભ બનાવવાનો છે અને આ નવી બાઈક એ મિશનની સાક્ષી છે.”

પર્ફોમન્સઃ નવી બજાજ પલ્સર N150 એ બે પૈડા પરનું પાવરહાઉસ છે, જે પ્રભાવશાળી 14.5 PS પીક પાવર અને 13.5 Nm ટોર્ક ધરાવે છે. તેનો વિશાળ ટોર્ક બેન્ડ તેને સાચા અર્થમાં અલગ પાડે છે, સમગ્ર RPM રેન્જમાં, નીચલા છેડાથી ટોચ સુધી ઉપયોગી ટોર્કનો વધુ જથ્થો પહોંચાડે છે. આ મોટરસાઈકલ સાથે, રાઈડર્સ રોમાંચક પ્રદર્શન અને કોઈપણ સવારીની પરિસ્થિતિમાં સહેલાઈથી ચાલાકીનો અનુભવ કરી શકે છે. જ્યારે સવારી કરનારની સલામતીની વાત આવે છે, ત્યારે પલ્સર N150 મોટી જીત આપે છે. સિંગલ-ચેનલ ABS બહેતર બ્રેકિંગ કંટ્રોલ અને ટ્રેક્શન ઓફર કરે છે, જે સવાર કોઈપણ મુશ્કેલ રસ્તા પર સરળતાથી નેવિગેટ કરી શકે તે સુનિશ્ચિત કરે છે. શક્તિ, ચોકસાઈ અને સલામતીનું સુમેળભર્યું મિશ્રણ, પલ્સર ન્૧૫૦ સવારીના અનુભવોને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડે છે.

# ગયા વર્ષે ૧૨ લાખ ભારતીયોએ અમેરિકાની મુલાકાત લીધી

। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકાએ ભારતીયોના વિઝા પ્રોસેસ કરવાની ઝડપ વધારી દીધી છે. કેટલાય સમયથી ફરિયાદ હતી કે અમેરિકા વિઝા આપવામાં બહુ ધીમી ગતિએ કામ કરે છે. જોકે, હવે વિઝાની પ્રોસેસ અગાઉ કરતાં ફાસ્ટ બની છે અને ચાલુ વર્ષમાં ૧૦ લાખ ભારતીયોની નોન -ઈમિગ્રન્ટ વિઝા અરજીને અમેરિકાએ પ્રોસેસ કરી દીધી છે. વર્ષ ૨૦૧૯માં અમેરિકાએ જે વિઝા પ્રોસેસ કર્યા હતા તેની સાથે સરખામણી કરવામાં આવે તો ૨૦૨૩માં ૨૦ ટકા વધુ અરજીઓ પ્રોસેસ થઈ છે તેમ કહી શકાય.

ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે કરેલી જાહેરાત પ્રમાણે ગયા વર્ષે ૧૨ લાખ ભારતીયોએ અમેરિકાની મુલાકાત લીધી હતી. એટલે કે ભારત અને યુએસ વચ્ચે ટ્રાવેલના સંબંધો




ગાઢ બની રહ્યા છે. અમેરિકન દૂતાવાસે જણાવ્યું કે અમેરિકાને હાલમાં આખી દુનિયામાંથી જે વિઝા અરજીઓ મળે છે તેમાં એકલા ભારતનો હિસ્સો ૧૦ ટકા છે. યુએસ માટે સ્ટુડન્ટ વિઝાની જે અરજીઓ આવે છે તેમાં ૨૦ ટકા અરજીઓ ભારતની હોય છે જ્યારે એમ્પ્લોયમેન્ટની કેટેગરીમાં ૬૫ ટકા અરજીઓ ભારતથી થઈ હોય છે. અમેરિકા આ બાબતથી ખુશ છે અને મોટી સંખ્યામાં ભારતીયોને પોતાને ત્યાં આવકારવા માટે તૈયાર છે. અમેરિકન રાજદૂત એરિક ગાર્સેટીએ તો ત્યાં સુધી કહ્યું કે ભારત સાથે અમારી પાર્ટનરશિપ એ અમેરિકાની સૌથી મહત્ત્વની દ્વિપક્ષીય હિસ્સેદારી પૈકી એક છે.

તાજેતરમાં જ અમેરિકાએ રંજુ સિંઘ અને તેના પતિને વિઝા આપ્યા છે. આ સાથે ચાલુ વર્ષમાં ભારતીયોને અપાયેલા વિઝાની સંખ્યા ૧૦ લાખ થઈ ગઈ છે. રંજુ અને તેના પતિ અમેરિકાની વિઝિટ કરવાની યોજના ધરાવે છે જેમનો પુત્ર યુએસની કોલેજમાં ભણે છે. અમેરિકન રાજદૂતે આ બંનેને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે તમે અમેરિકામાં ભણતા હોવ, કામ કરતા હોવ, વેકેશન ગાળો કે રોકાણ કરવા માગતા હોવ, તમારા યોગદાનથી આ સંબંધો મજબૂત બનશે. અમેરિકન દૂતાવાસે કહ્યું કે તે વિઝા આપવામાં અગાઉના રેકોર્ડ તોડશે અને વધુને વધુ ભારતીયોને વિઝા આપવા માંગે છે. છેલ્લા કેટલાક મહિનામાં અમેરિકન મિશને ભારતમાં પોતાના સ્ટાફની સંખ્યા વધારી છે જેથી વિઝા આપવાની પ્રોસેસ ઝડપી બને. ચેન્નાઈના કોન્સ્યુલેટ ખાતે હાલની સુવિધા વધારવામાં આવી છે અને હૈદરાબાદમાં એક નવી કોન્સ્યુલેટનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. હજુ પણ ભારતમાં કોન્સ્યુલેટની કામગીરીમાં રોકાણ કવધારવામાં આવશે. ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે ટ્વિટર પર એક વીડિયો મૂકીને એક મિલિયન વિઝાની સિદ્ધિને બિરદાવી છે. ભારતથી અમેરિકા હાયર એજ્યુકેશન માટે જતા લોકોની સંખ્યા સતત વધી રહી છે. ભારતીય સ્ટુડન્ટ્સ માટે ટોપ ત્રણ દેશોમાં અમેરિકા, કેનેડા અને યુકેનો સમાવેશ થાય છે. હાલમાં ભારત અને કેનેડાના સંબંધોમાં કડવાશ આવી છે, પરંતુ વિઝા આપવાની વાત આવે છે ત્યાં સુધી અમેરિકાએ પોતાની ઝડપ માં ભારે વધારો કર્યો છે.

### નશા મુક્તિ અભિયાન એક દિવસમાં

# એક લાખ વિસ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓને લાયન્સ ક્લબ દ્વારા નશા મુક્તિ ના શપથ અપાવ્યા

લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી ૩ દ્વારા આજે તારીખ ૨૬ સપ્ટેબર ૨૦૨૩ મંગળવાર ના રોજ અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરાવલી ના વિવિધ શહેરો અને ગામોમાં લાયન્સ ના ૩૦૦થી વધુ ટ્રેનર, વોલયન્ટર મિત્રો દ્વારા લગભગ ૧૬૫ સ્કૂલ/ કોલેજો માં એક લાખ વીસ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓને નશા મુક્તિના શપ થ લેવડાવવામાં આવ્યા.

નશા મુક્તિ અભિયાનનો શુભારંભ ૪ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ આપણા શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં ટાગોર હોલ, પાલડી અમદાવાદ ખાતે કરવામાં આવ્યો હતો. લાયન્સ



ક્લબ દ્વારા આ વર્ષે ૧૦ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓને નશા મુક્તિના શપથ અપાવવાનું લક્ષ્ય ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી સુનિલ ગુગલીયાએ રાખ્યું છે. જે પરીપૂર્ણ કરવા ડીસ્ટ્રીકટ ચેરપરસન નંદિનીબેન રાવલ અને ડિસ્ટ્રિક્ટ ની તમામ કલબો અને કેબિનેટ મિત્રો કટિબદ્ધ છે. આવો આપણે સૌ સાથે મળી આ નશા મુક્તિ અભિયાન દ્વારા એક સ્વસ્થ, સુદ્રઢ અને નશા મુક્ત ભારતનું નિર્માણ કરીએ.

BOLLYWOOD NEWS FLASH

**ફિલ્મનું કલેક્શન વધારવા અને દર્શકોને થિયેટરોમાં આકર્ષવા એક ટિકિટ પર બીજી ફ્રી ટિકિટની ઓફર**

# શાહરુખે ફિલ્મની ટિકિટ ઉપર આકર્ષક ઓફરની જાહેરાત કરી



। મુંબઈ, તા.૨૯ ।

શું તમે પણ શાહરુખ ખાનના ફેન છો...તો આ સમાચાર તમારા માટે ખુશખબરી લઈને આવ્યાં છે. કારણકે, હવે તમારે શાહરૂખની આ ફિલ્મ જોવા માટે વધારે પૈસા નહીં ખર્ચવા પડે. પરિવાર સાથે પણ તમે આ ફિલ્મ જોવા માટે થઈ શકો છો. કારણકે, કિંગ ખાને પોતાના ચાહકો માટે આપી છે અત્યાર સુધીની સૌથી મોટી ઓફર... શાહરૂખ ખાન સ્ટારર જવાન દેશ-વિદેશમાં ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મે સ્થાનિક બોક્સ ઓફિસ પર રૂ. ૫૫૦ કરોડથી વધુની કમાણી કરી છે અને હવે તે રૂ. ૬૦૦ કરોડનો આંકડો પાર કરવા તરફ ઝડપથી આગળ વધી રહી છે. વર્લ્ડવાઈડ ફિલ્મે તાજેતરમાં રૂ. ૧૦૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે અને હવે તે વિશ્વભરમાં હિન્દી સિનેમાની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોમાંની એક બની ગઈ છે. જવાન પણ શાહરૂખ ખાનની કારકિર્દીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે. જોકે, હવે ફિલ્મની કમાણી ઘટી રહી છે. આવી સ્થિતિમાં, દર્શકોને થિયેટરોમાં આકર્ષવા માટે નિર્માતાઓએ એક નવી યુક્તિ રમી છે અને ટિકિટો પર ઓફર જાહેર કરી છે. જવાનની ઘટતી કમાણી જોઈને નિર્માતાઓએ તેની ટિકિટ પર મોટી ઓફરની જાહેરાત કરી છે. ઈન્સ્ટા પર રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટની પોસ્ટ વાંચે છે.



# અનન્યા સંભવિત ભાવિ જેઠાણી વિદ્યા બાલનને ઉમળકાથી મળી

। મુંબઈ, તા.૨૯ ।

અનન્યા પાંડે તાજેતરમાં એક ઈવેન્ટમાં તેની સંભવિત ભાવિ જેઠાણી વિદ્યા બાલનને બહુ પ્રેમથી મળી હતી. બંનેએ જાહેરમાં એકબીજાને ઉષ્માસભર રીતે હગ કર્યું હતું અને કિસ પણ કરી હતી. વિદ્યા બાલન પ્રોડયૂસર સિદ્ધાર્થ રોય કપૂરને પરણી છે. સિદ્ધાર્થના નાના ભાઈ આદિત્ય અને અનન્યા પાંડે વચ્ચે ડેટિંગ ચાલતું હોવાનું કહેવાય છે. બંનેએ ક્યારેય તેમનો સંબંધ જાહેરમાં સ્વીકાર્યો નથી પરંતુ બંને મોટાભાગની ઈવેન્ટસમાં સાથે જોવા મળે છે અને વેકેશન પર પણ સાથે સાથે જાય છે. તાજેતરમાં એક ફિલ્મ રીલીઝનાં ફંકશનમાં વિદ્યા બાલન પણ સ્ટેજ પર હતી અને અનન્યા પણ ત્યાં પહોંચી હતી. વિદ્યા બીજા લોકોને હળે મળે સુધી અનન્યાએ એક બાજુ પર ઊભા રહીને રાહ જોઈ હતી. જેવી ફ્રી થઈ કે તરત જ અનન્યા તેના તરફ ધસી ગઈ હતી અને બંને એકબીજાને બહુ પ્રેમથી ભેટી પડયાં હતાં અને કિસ પણ કરી હતી. જાણે બહુ પ્રગાઢ મૈત્રી હોય તેમ સાથે પોઝ આપ્યા હતા.

**ફિલ્મ એનિમલમાં રશ્મિકા મંદન્ના લીડ એક્ટ્રેસ છે જ્યારે વિલન બનેલા બોબી દેઓલનો લુક છે જબરદસ્ત**

# એનિમલમાં રણબીર કપૂરનો અલગ અંદાજ જોવા મળ્યો



। મુંબઈ, તા.૨૯ ।

રણબીર કપૂરની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘એનિમલ’નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. રણબીર પહેલીવાર જુદા જ પ્રકારના લુક સાથે જોવા મળશે. અનિલ કપૂર તેના પિતાની ભૂમિકામાં છે. ટીઝરમાં પિતા અને પુત્ર વચ્ચેનો ચહેરો જોવા મળશે. બંન્ને વચ્ચે સામસામે આવવાનું કારણ શું છે, શું તેની પાછળ કોઈ ઈતિહાસ છે? ટીઝરમાં આ બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ફિલ્મમાં રશ્મિકા મંદન્ના લીડ એક્ટ્રેસ છે. ટીઝરની શરૂઆત તેની અને રણબીર કપૂરની સિક્વન્સથી થાય છે. ટીઝરના અંતમાં બોબી દેઓલ દમદાર લુકમાં જોવા મળ્યો હતો. બોબીએ ફિલ્મમાં વિલનની ભૂમિકા ભજવી છે. ભૂષણ કુમાર ફિલ્મના નિર્માતા છે. નિર્માતાઓએ અત્યાર સુધીમાં આ ફિલ્મના ૪ કલાકારો રશ્મિકા, પોસ્ટર રિલીઝ કર્યા ફર્સ્ટ લુક અગાઉ આ

**અનિલ શર્માએ જણાવ્યું હતું કે ફિલ્મ સાઈન કર્યાના બે મહિના પછી તેઓ પ્રિયંકાને મળ્યા ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા હતા**

# પ્રખ્યાત ડાયરેક્ટરે ખોલ્યા એક્ટ્રસ પ્રિયંકા ચોપડાની સર્જરીના સીક્રેટ

। મુંબઈ, તા.૨૯ ।

ગ્લોબલ સ્ટાર બની ચુકેલી પ્રિયંકા ચોપડા તેના એક ઈન્ટરવ્યુના કારણે ચર્ચામાં આવી છે. તેણે જણાવ્યું હતું કે કેટલાક બોલિવૂડ પ્રોડ્યુસર્સે તેની કારકિર્દીની શરુઆતમાં સર્જરી કરાવી તેની સુંદરતા વધારવાની સલાહ આપી હતી. જો કે હવે આ વાત પર નિર્દેશક અનિલ શર્માએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. અનિલ શર્માએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે પ્રિયંકા ચોપરાએ તેની ફિલ્મ દરમિયાન નાકની સર્જરી કરાવી હતી. શર્માએ આગળ કહ્યું હતુ કે આ સર્જરીના કારણે પ્રિયંકાનો દેખાવ બગડી ગયો હતો અને તેને ઘણી ફિલ્મો ગુમાવવી પડી હતી. તેના કારણે પ્રિયંકા એટલી નર્વસ થઈ ગઈ હતી તે મુંબઈ છોડીને પોતાના ઘરે જતી રહેવા ઈચ્છતી હતી. અનિલ શર્માએ ૨૦૦૩માં સની દેઓલ, પ્રિયંકા ચોપરા અને પ્રીતિ ઝિન્ટા સાથે ફિલ્મ હીરોઃ ધ લવ સ્ટોરી ઓફ અ સ્પાય બનાવી હતી. તેણે આ ફિલ્મ સમયનો કિસ્સો યાદ કરી જણાવ્યું હતું કે ફિલ્મ સાઈન કર્યાના બે મહિના પછી જ્યારે તેઓ પ્રિયંકાને મળ્યા ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા હતા. કારણ કે પ્રિયંકાએ તેના નાકની સર્જરી કરાવી હતી. જેના કારણે તેનો દેખાવ બગડી ગયો હતો. શર્માએ એવો પણ દાવો કર્યો હતો કે પ્રિયંકા તે સમયે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવાનું નક્કી કરી ચુકી હતી. કારણ કે તેના હાથમાંથી ઘણી ફિલ્મો નીકળી ગઈ હતી. સર્જરી પછી પ્રિયંકાનો દેખાવ એટલો બદલી ગયો હતો કે તેને ઓળખવી પણ મુશ્કેલ થઈ ગઈ હતી. અનિલ શર્માએ આગળ કહ્યું હતું કે તે દિવસોમાં એક નિર્માતાએ તેમને પ્રિયંકાનો ફોટો બતાવ્યો હતો. તેને જોઈને શર્મા ચોંકી ગયા હતા કારણ કે પ્રિયંકાનો લુક બદલાઈ ગયો હતો. ત્યારબાદ જ્યારે પ્રિયંકા તેની માતા સાથે તેમની ઓફિસ પહોંચી ત્યારે તે રડી પડી હતી કારણ કે ઓપરેશનના કારણે તેના નાક પાસે નિશાન પડી ગયા હતા. તે સમયે પ્રિયંકાએ કહ્યું કે તેણે સાઈનસની સમસ્યાના કારણે સર્જરી કરાવી હતી.



### ૩ ઓક્ટોબરથી ૯ ઓક્ટોબર દરમિયાન ઘોઘંબા તાલુકામાં સંકલ્પ સપ્તાહની ઉજવણી કરાશે

# લોક ભાગીદારીથી ગ્રામજનો પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાય તે માટે આહવાન કરતા જિલ્લા કલેક્ટરશ્રી



। ગોધરા, તા.૨૯ ।

પંચમહાલ જિલ્લામાં "સ્વચ્છતા હી સેવા -૨૦૨૩" અભિયાન અંતર્ગત તા.૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ થનાર મહાશ્રમદાન કાર્યક્રમના ભાગરુપે પંચમહાલ જિલ્લા કલેક્ટરશ્રી આશિષ કુમારની અધ્યક્ષતામાં જિલ્લાના ધારાસભ્યશ્રીઓ સહિત વિવિધ મહાનુભાવો અને હોદ્દેદારો સાથે ગોધરા કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે,તા ૧ ઓકટોબરના "એક તારીખ,એક કલાક" સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિના આયોજન હેઠળ તથા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત મહાશ્રમદાન કાર્યક્રમના ભાગરુપે જિલ્લાના સાત તાલુકાઓના કુલ ૬૩૦ ગામોની સાથે ગ્રામ્ય કક્ષાએ કુલ ૮૪૪ ઈવેન્ટ ક્રીએશન કરવાનું આયોજન કરાયું છે. આ તમામ સ્થળોની પસંદગી કરી સફાઈની કામગીરી મહાશ્રમદાન પ્રવૃત્તિ મારફત હાથ ધરવામાં આવનાર છે.આ પસંદ કરાયેલ સ્થળો ઉપર જિલ્લા/તાલુકાના પદાધિકારીશ્રીઓ/ મહાનુભાવો/સભ્યશ્રીઓ/ અધિકારીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતીમાં આ સફાઈ અભિયાનના આયોજન દ્વારા સ્વચ્છતા માટેનું ઉમદા મહાશ્રમદાન પ્રવૃત્તિઓમાં તમામ ગ્રામજનો લોક ભાગીદારીથી જોડાય તે અંગે આહવાન કરાયું હતું. આ સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૩૦/૯/૨૦૨૩ના રોજ લોન્ચિંગ થનાર "સંકલ્પ સપથ"ના આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ પદાધિકારીશ્રીઓ બી.આર.જી.એફ.હોલ, જિલ્લા પંચાયત, ગોધરા ખાતે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતુ. આ સાથે તાલુકા પંચાયત ઘોઘંબા ખાતે અંદાજીત ૧૨૦ જેટલા પદાધિકારીશ્રીઓ/સભ્યશ્રીઓ /અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓ વગેરે દ્વારા તથા તાલુકાની ૧૫ જેટલી ગ્રામ પંચાયતોમાં ૬૧૩ જેટલા ગ્રામજનો દ્વારા લોન્ચિંગ કાર્યક્રમ નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું છે. એસ્પીરેશનલ બ્લોક ઘોઘંબા ખાતે સંકલ્પ સપ્તાહની ઉજવણી તા.૦૩/૧૦/૨૦૨૩થી તા.૯/૧૦/૨૦૨૩ સુધી કરવામાં આવશે. જેમાં તા.૦૩/૧૦/૨૦૨૩ના રોજ સંપુર્ણ સ્વાસ્થ્ય-એક સંકલ્પ (હેલ્થ વિભાગ), તા.૦૪/૧૦/૨૦૨૩ના રોજ સુપોષિત પરીવાર-પોષણ મેળો (ન્યુટ્રીશન વિભાગ), તા.૦૫/૧૦/૨૦૨૩ના રોજ સ્વચ્છતા એક સંકલ્પ (સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), તા.૦૬/૧૦/૨૦૨૩ ના રોજ કૃષિ મહોત્સવ (ખેતીવાડી વિભાગ), તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ શિક્ષા એક સંકલ્પ (શિક્ષણ વિભાગ), તા.૦૮/૧૦/૨૦૨૩ ના રોજ સમૃધ્ધિ દિવસ (લાઈવલી હુડ), તા.૦૯/૧૦/૨૦૨૩ના રોજ સંકલ્પ શપથ –સમાવેશ સમારોહ (તાલુકા પંચાયત) તમામ વિભાગો દ્વારા કાર્યક્રમમાં કરવાની થતી પ્રવૃત્તિઓનું વ્યવસ્થિત રીતે આયોજન કારાય તેવું અધ્યક્ષસ્થાનેથી સૂચનો કરાયા હતા.આ સાથે જિલ્લાવાસીઓને મહાશ્રમદાન અભિયાનને સફળ બનાવવા અનુરોધ કરાયો હતો.

# ઝાલોદ તાલુકાના રળિયાતીભૂરા ગામે ગણેશ વિસર્જન તળાવમાં વિસર્જન કરતા ડૂબી જતાં બે બાળકોનું મૃત્યુ

। ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાના રળિયાતીભૂરા ગામે આસરે બપોરના એક થી બે વાગ્યાના સમય દરમ્યાન ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવા ગયેલ હતા. વિસર્જન કરતા સમયે બંને બાળકો તળાવમાં ડૂબી જતાં જાન ગુમાવી હતી. આ બંને બાળકો ભાઈબહેન હતા જેમનું નામ મુનિયા પ્રિતેશ નિલેશભાઈ, મુનિયા રોશની નિલેશભાઈ હતું. ગ્રામજનો દ્વારા બંને બાળકોને તળાવમાં થી કાઢવામાં આવેલ હતા. બાળકોના મૃત થવાના સમાચાર ગામમાં પ્રસરતા આખાં ગામમાં માતમનો માહોલ છવાઈ ગયેલ હતો. એક જ પરિવારના બંને બાળકો મૃત થતાં પરિવારમાં ભારે આક્રંદ સાથે શોક ફેલાઈ ગયેલ હતો.

# બગસરા ડેપો મેનેજરના જાદુથી ત્રણ દિવસથી વીંછિયા અમરેલી એસ ટી ગુમ આંદોલનની ચીમકી આપતાં અમરશી રાઠોડ

હુસામુદ્દીન કપાસી

। જસદણ, તા.૨૯ ।



વિંછીયા થી વહેલી સવારે પાંચ વાગ્યે ઉપડી ૫:૪૫ કલાકએ જસદણ આવતી બગસરા ડેપોની અમરેલી રૂટની એસ ટી બુધ ગુરુ શુક્ર એમ ત્રણ દિવસથી બગસરા ડેપો મેનેજર અને અમરેલી ડેપોના ડી સીના કારણે આ રૂટ બંધ કરવામાં આવતાં આ અંગે જસદણના સામાજિક કાર્યકર અમરશી રાઠોડએ આ બસરૂટને નિયમિત કરવામાં નહી આવે તો આંદોલનની ચિમકી આપી હતી પ્રાપ્ત વિગત મુજબ જસદણથી વર્ષોથી વહેલી સવારે અમરેલી તરફ જતી એસ ટી છેલ્લા એક મહિનામાં દસ વખત તો જસદણમાં કોઈ પેસેન્જરને ન દેખાતા જસદણ આટકોટ બાબરા ચિત્તલ કોટડાપીઠા લુણકી માચિયાળા ઊંટવડ જેવાં અનેક ગામોના વિધાર્થીઓ અને પ્રવાસીઓ છેલ્લા ત્રણ દિવસથી અમરેલી સમયસર ન પહોંચી શકતા હોવાથી તેમની વ્હારે જસદણના સામાજિક કાર્યકર અમરશી રાઠોડ વ્હારે ચડ્યા હતા આ અંગે અમરશીભાઈએ જણાવ્યું હતું કે જસદણ થી અમરેલી રૂટ વર્ષોથી ચાલે છે બગસરા ડેપોની આ બસએ થોડા સમયથી આ રૂટ વીંછિયા સુધી લંબાવી સવારે પાંચ વાગ્યે વીંછિયાથી ઉપડી જસદણ આટકોટ બાબરા ચિત્તલ થઈ અમરેલી અને ત્યાંથી બગસરા અને બગસરાથી રાજકોટ સાંજે રાજકોટ થી આ બસ વીંછિયા આવી રાત્રિ રોકાણ કરી સવારે અમરેલી જાય છે પણ ખાટલે મોટી ખોટ એ છે કે બગસરા ડેપોના મેનેજર અને અમરેલી ડેપોના ડી સીની અણઆવડતના કારણે આ બસ એક મહિનામાં દસ દિવસ બંધ રહેતી હોવાથી આ રૂટમાં આવતાં દસ જેટ-લાં ગામોના વિધાર્થીઓ અને પ્રવાસીઓ હેરાન થાય છે જો આ રૂટ આગામી દિવસોમાં નિયમિત કરવામાં નહી આવે તો અમારે ન છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ફરજ પડશે એમ સામાજિક કાર્યકર અમરશીભાઈ રાઠોડએ અંતમાં જણાવ્યું હતું.

# ઝાલોદની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં "ઐતહાસિક દસ્તાવેજોનું ઇતિહાસમાં મૂલ્ય" વિષય ઉપર પ્રદર્શન તથા વ્યાખ્યાન યોજાયું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।



આપણાં ઐતહાસિક દસ્તાવેજોનું મૂલ્ય શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઝાલોદના ઈતિહાસ વિભાગ દ્વારા "ઐતહાસિક દસ્તાવેજોનું ઈતિહાસમાં મૂલ્ય" એ વિષય પર વિભાગના અધ્યક્ષ ડો. ડી. સી યાદવ સાહેબ અને લાઈબ્રેરીયન ડૉ. પી. એમ. શેલક સાહેબ દ્વારા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ગાંધીનગરથી પધારેલ વિદ્વાન વક્તા શ્રી જીતેન્દ્રભાઈનું હૃદય પૂર્વક સ્વાગત આચાર્ય શ્રી એમ. એમ. પટેલ સાહેબે કર્યું હતું. તેમજ આ કાર્યક્રમમાં રસસભર સહકાર આપ્યો હતો. વિભાગના અધ્યક્ષ ડૉ. ડી. સી. યાદવ સાહેબે વક્તાનો પરિચય આપી ઈતિહાસના દસ્તાવેજોનું માનવ સમાજમાં મૂલ્ય સમજાવ્યું હતું.

"ઐતહાસિક દસ્તાવેજોનું ઈતિહાસમાં મૂલ્ય" એ વિષય પર શ્રી જીતેન્દ્રભાઈ વી. શાહ (નિવૃત્ત અધિક્ષક શ્રી ગુજરાત અભિલેખાગાર કચેરી ગાંધીનગર) દ્વારા રસપ્રદ અને માહિતી સભર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, અને વિદ્યાર્થીઓને ઈતિહાસ નિર્માણમાં અભિલેખાગારનું મહત્વ સમજાવ્યું હતું. અભિલેખાગારનો ક્રમશઃ વિકાસ કેવી રીતે થયો તે અને ગુજરાતના વિવિધ રાજા રજવાડાઓ વલસાડ, નવસારી, વાંસદા, વડોદરા, ગોંડલ, ભાવનગરની વિશેષતાઓ, વિવિધ એડીએ રિપોર્ટ, નકશા, ગેજેટ, વિવિધ ટપાલ ટિકિટો, સ્વાતંત્ર્ય સેનાનીઓની માહિતી, ગુજરાતમાં આવેલ વર્લ્ડ હેરિટેજના વિવિધ રંગીન ફોટાઓ, ધોળાવીરા, સમ્રાટ અશોકના શિલાલેખ, મહારાજા સયાજીરાવ ગાયકવાડના દસ્તાવેજો, મહારાજા જામ સાહેબ, ડૉ. ભીમરાવ આંબેડકર, દાદાભાઈ નવરોજી, રાજા રવિ વર્માના ચિત્રો, શ્યામકૃષ્ણજી વર્મા વગેરે ની વિવિધ અને બહુમૂલ્ય માહિતી પ્રદર્શનીમાં બતાવવામાં આવી. આ પ્રસંગે પ્રો. કે. જે. રામી સાહેબે આભાર વિધિ કરીને સર્વ અધ્યાપક મિત્રો અને સમગ્ર વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડો. ડી. સી. યાદવ દ્વારા કરવામાં આવ્યું.

# શ્રી શ્રદ્ધા વિદ્યાલયના આચાર્ય દ્વારા આઈસ્ક્રીમ અને નાસ્તો આપીને પોતાના જન્મદિવસની ઉજવણી કરી



। ઝાલોદ, તા.૨૯ ।



સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રદ્ધા વિદ્યાલય કાર્યરત છે. જેમાં ધોરણ કેજી ૧/૨ તેમજ ધોરણ ૧ થી ૮ કાર્યરત છે. આજરોજ ૨૯ સપ્ટેમ્બરના રોજ શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર મકવાણા નો જન્મ દિવસ હોવાથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાસ્તો અને આઈસ્ક્રીમ આપીને ઉજવણી કરી હતી. મકવાણા દિલીપકુમાર ન્યુ પાર્થ નવોદય - એકલવ્ય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક છે સાથે સાથે સામાજિક કાર્યકર છે. આજના જન્મ દિન નિમિતે સ્ટાફ દ્વારા તમામ વિદ્યાર્થીઓ દ્વારા, સગાસંબંધી મિત્રો, ન્યુ પાર્થ એજ્યુકેશન ગ્રુપ, પત્રકાર મિત્રો દ્વારા જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી. તમામનો આભાર શાળાના આચાર્ય શ્રી દિલીપભાઈ મકવાણાએ વ્યક્ત કર્યો હતો.

# આણંદ જિલ્લાના પાંચ હેલ્થ અને વેલનેસ સેન્ટરને મળ્યું રાષ્ટ્રીય કક્ષાનું ક્વોલિટી એસ્યોરન્સ સર્ટીફિકેટ



। આણંદ, તા.૨૯ ।

ગુજરાત રાજ્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માર્ગદર્શન અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.બી.કાપડિયાની દેખરેખ હેઠળ જિલ્લા આરોગ્ય વિભાગ,આણંદ દ્વારા જિલ્લામાં એન.ક્યુ.એ.એસ (NQAS) પ્રોગ્રામ અંતર્ગત પ્રમાણિત નૅશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ કરવામાં આવ્યું.

આ પ્રોગ્રામ અંતર્ગત પ્રમાણિત નૅશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા "હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર"ની આરોગ્ય સેવાઓનું મુલ્યાંકન કરીને કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સર્ટીફીકેટ આપવામાં આવે છે. જેમાં આરોગ્ય વિભાગના સ્ટાફના આરોગ્યલક્ષી જ્ઞાન, રજીસ્ટર અને આપવામાં આવતી આરોગ્ય સેવાઓનો સમાવેશ કરવામાં આવે છે.

એન.ક્યુ.એ.એસ અંતર્ગત પેટલાદ તાલુકાના માણેજ અને આમોદ જ્યારે આંકલાવ તાલુકાના મુજકુવા, ખંભાત તાલુકાના ઉંદેલ, સોજિત્રા તાલુકાના બાલીન્ટા ખાતે આવેલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં સગર્ભા પ્રસૂતાની સેવા, બાળ સંભાળ અને સારવાર, કુટુંબ કલ્યાણની સેવાઓ, ચેપીરોગનું સંચાલન, સામાન્ય રોગોની સારવાર, ઈમરજન્સી સેવાઓની ગુણવત્તાની ખાતરી, ઓપીડી, લેબોરેટરી, આઈપીડી, નેશનલ હેલ્થ પ્રોગ્રામ અને જનરલ એડમિનિસ્ટ્રેટિવ જેવી વિવિધ બાબતોનું અને આરોગ્ય સેવાઓનું કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગની ટીમના નિષ્ણાંતો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર માણેજને ૮૩% સાથે તમામ માપદંડોમાં ખરાં ઉતરતાં ત્રણ વર્ષ માટે સંપૂર્ણ ગુણવતાસભર પ્રમાણપત્ર આપવામાં આવ્યું. જ્યારે આમોદ, મુજકુવા, ઉંદેલ અને બાલીન્ટા ખાતે આવેલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સને અનુક્રમે ૮૬%, ૮૭%, ૮૩%, ૭૬% સાથે તમામ માપદંડોમાં ખરા ઉતરતા તમામ સેન્ટર્સને એન.ક્યુ.એ.એસ (NQAS) અંતર્ગત એક વર્ષનું ગુણવતાસભર પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોવાનું અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પૂર્વી નાયકે જણાવ્યું છે.

# આણંદ ખાતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



। આણંદ, તા.૨૯ ।

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૩ માં શરૂ કરવામાં આવેલા સ્વાગત કાર્યક્રમ દ્વારા અત્યાર સુધીમાં હજારો અરજદારોના પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ થયું છે. આણંદ જિલ્લાના અરજદારો ના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપ સ્થિત રહેલા તમામ અરજદારોની રજૂઆતો સાંભળી જિલ્લા કલેકટ-રશ્રીએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના - માર્ગદર્શન આપ્યુ હતું. જિલ્લા સ્વાગત કાર્યક્રમ માટે ૧૨ અરજદારોની રજુઆત મળી હતી.

### સરકારી વિનયન અને વાણિજય કોલેજ

# નેત્રંગના પ્રાધ્યાપક ડો. જસવંત રાઠોડને યુનિક ટીચર્સ ફેલીસીએશન એવોર્ડ-૨૦૨૩થી સન્માનિત કરાયા

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૯ ।



"ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપ મેન્ટ "એ શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે કાર્ય કરતી દેશની એક ખ્યાતનામ સંસ્થા છે. આ સંસ્થા દ્વારા શિક્ષણ અને સમાજ સેવા માટે ના અનેક પ્રકલ્પો થાય છે. આ સંસ્થા દ્વારા અત્રેની સરકારી વિનયન અને વાણિજય કોલેજ, નેત્રંગ, જી. ભરુચના અંગ્રેજી વિષયના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. જસવંત રાઠોડને તેમના શિક્ષણ અને સંશોધનોને ધ્યાને લઈ તેમનેયુનિક ટીચર્સ ફેલીસીએશન એવોર્ડ -૨૦૨૩થી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમ તા. ૨૩-૦૯-૨૦૨૩ના રોજ વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે યોજાયો હતો જેમાં ISTD દ્વારા રાજ્યના વિવિધ શિક્ષકો તેમજ પ્રાધ્યાપકોને એવાર્ડ આપી તેમનું સમ્માન કરાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સરકારી વિનયન અને વાણિજય કોલેજ, નેત્રંગ, જી. ભરુચના અંગ્રેજી વિષયના મદદનીશ પ્રા. ડૉ. જસવંત રાઠોડ ના સાહિત્યિક સંશોધનો માટે જાણીતા છે. તેમણે કોરોના સમય દરમિયાન સૌથી વધારે વેબિનારનું સફળ આયોજન કરી ને સરકારી વિનયન અને વાણિજય કોલેજ, નેત્રંગને એક આગવી ઓળખ અપાવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. આજે પૈસા અંગે પ રિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યુ? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યુ? મહેમાનો તમારા ઘરની મુલાકાત લેશે જેને કારણે તમારો દિવસ સુંદર અને અદભુત બની જશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ?યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**ન્યૂઝ બ્રિફ**

## ભારતે દોલત બેગ ઓલ્ડી સુધી નવો રોડ બનાવવા ૨૦૦૦ લોકોને કામે લગાડ્યા

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારત લદ્દાખમાં ખુદને મજબૂત કરવા માગે છે. એટલા માટે તે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) નજીક વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ચોકી તૈયાર કરવાના પ્રોજેક્ટનો પૂરો કરવાના પ્રયાસ કરી રહ્યું છે. તેની મદદથી એલએસી પર આવેલા આ વિસ્તારની કનેક્ટિવિટી વધી જશે. ખરેખર ભારત દોલત બેગ ઓલ્ડી સુધી એક નવો રોડ બનાવી રહ્યું છે જે દેશનું સૌથી ઉત્તરી મિલિટ્રી બેઝ છે. અહેવાલ અનુસાર ચીન આ વિસ્તારમાં તેની ધાક જમાવવા પ્રયાસ કરી રહ્યું છે. એ વાતોને જ ધ્યાનમાં રાખી નવા રોડનું નિર્માણ થઈ રહ્યું છે. એકવાર રોડ બનીને તૈયાર થઈ જશે તો સૈનિકો, હથિયારો અને લોજિસ્ટિક્સને સરળતાથી ફ્રન્ટલાઈન સુધી પહોંચાડી શકાશે. આ નવા રોડની ખાસિયત એ છે કે તેને એલએસીની બીજી તરફથી જોઈ શકાતો નથી. આ રોડ એલએસીથી ઘણો દૂર પણ છે એટલા માટે હુમલાનો ખતરો ઓછો છે. દૌલત બેગ ઓલ્ડી રોડ નવેમ્બરના અંત સુધીમાં સૈન્યને લગતી પ્રવૃત્તિઓ માટે તૈયાર થઈ જશે. એક વર્ષમાં તે સંપૂર્ણપણે ઓપરેશન થઈ જશે. આ રોડના નિર્માણ માટે આશરે ૨૦૦૦ લોકો કામ કરી રહ્યા છે.

## જી૨૦ની માટે ભારત આવેલા ટ્રુડોના વિમાનમાં કોકેઈન હતું

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારત સાથે તંગદિલીભર્યા સંબંધો વચ્ચે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો ઘેરાતાં જઈ રહ્યા છે. એક તરફ આતંકી નિજ્જર હત્યામાં ભારતની સંડોવણીનો આરોપ મૂક્યા બાદ તેઓ પુરાવા આપવામાં નિષ્ફળ રહ્યા છે ત્યાં બીજી બાજુ એક નાઝીને કેનેડિયન સંસદમાં બોલાવી તેનું સન્માન કર્યા બાદ તે માફી માગવા મજબૂર થયા. આ દરમિયાન એક નવો આરોપ એ લાગ્યો છે કે તેઓ જ્યારે જી૨૦ સમિટમાં ભાગ લેવા ભારત આવ્યા હતા ત્યારે તેમના વિમાનમાં કોકેઈન ભરેલું હતું. સુદાનમાં ભારતના પૂર્વ રાજદૂત દીપક વોહરાએ કહ્યું કે વિશ્વસનીય અફવાઓ હતી કે ઈન્વેસ્ટિગેટિવ ડોગ્સને વિમાનમાં કોકેઈન મળ્યું હતું. વોહરાએ સવાલ ઊઠાવ્યો કે ટ્રૂડો બે દિવસ સુધી હોટેના રૂમથી બહાર કેમ ન આવ્યા જ્યારે તેમનું વિમાન બગડી ગયું હતું? તેઓ રાષ્ટ્રપતિ દ્વારા આમંત્રિત ડીનરમાં પણ નહોતા ગયા. વિશ્વસનીય સૂત્રોએ દાવો કર્યો હતો કે ટ્રૂડો બેભાન અવસ્થામાં પડી રહ્યા હતા. વોહરાએ કહ્યું કે જસ્ટિન ટ્રૂડો ફ્સ્ટેટેડ અને તણાવમાં હતા કેમ કે ૧૦ દિવસ પહેલાં જ તેમની પત્ની તેમને છોડી જતી રહી હતી.

### બોર્ડર પરથી રોજના ૮-૯ હજાર લોકો પકડાઈ રહ્યા છે

# મેક્સિકો બોર્ડર પરથી ઘૂસેલા ૧૨ લાખ લોકોને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ

### અમેરિકાના અલગ-અલગ રાજ્યોમાં રહેતા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને નોટિસ ટુ અપિયર ઈશ્યૂ કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૨૯ ।

મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસતા લોકોની સંખ્યા છેલ્લા એકાદ-બે મહિનાથી સતત વધી રહી છે ત્યારે અમેરિકાની વિવિધ કોર્ટ્સમાં પેન્ડિંગ ડિપોર્ટેશનના કેસોનો આંકડો પણ રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે. એક રિપોર્ટ અનુસાર, માત્ર ઓગસ્ટ મહિનામાં જ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ ૧.૮૦ લાખ લોકો વિરૂદ્ધ નોટિસ ટુ અપિયર ઈશ્યૂ કરી હતી, જ્યારે જુલાઈમાં આ આંકડો ૧.૫૧ લાખ હતો.

૨૦૨૩ના જ વર્ષમાં અમેરિકાની અલગ-અલગ ઈમિગ્રેશન કોર્ટ્સમાં ડિપોર્ટેશનના ૧૨.૩૦ લાખ નવા કેસ દાખલ કરવામાં આવ્યા હતા, જે લોકો વિરૂદ્ધ આ કેસ કરવામાં આવ્યા છે તે તમામને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા ઈમિગ્રેશન કોર્ટમાં હાજર થઈને ડિપોર્ટેશનની પ્રોસેસ સામે પોતાનો પક્ષ રજૂ કરવા માટે જણાવાયું હતું. જે અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવાની પ્રોસેસ શરૂ કરવામાં આવે છે તેમને કોર્ટમાં પોતાનો બચાવ કરવાની તક પણ અપાતી હોય છે. આવા લોકો અસાયલમ માગીને કે પછી બીજી કોઈ રાહત મેળવીને ડિપોર્ટેશનનેઅટકાવીશકેછે. ૨૦૨૩ના વર્ષમાં જે ૧૨.૩૦ લાખ લોકો વિરૂદ્ધ ડિપોર્ટેશનની પ્રોસેસ શરૂ કરવામાં આવી છે તેમાંના મોટાભાગના લોકો મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસેલા છે.

અમેરિકા-મેક્સિકો બોર્ડર પર આવેલા કેલિફોર્નિયા, એરિઝોના તેમજ ટેક્સાસ ઉપરાંત દેશના તમામ રાજ્યોમાં અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ રહે છે, પરંતુ તેમનું સૌથી વધુ પ્રમાણ બોર્ડર સ્ટેટ્સમાં નોંધાયું છે. માત્ર કેલિફોર્નિયામાં જ ચાલુ વર્ષમાં ૧.૬૦ લાખ નવા ઈમિગ્રન્ટ્સ નોંધાયા છે, જ્યારે ૨૦૨૩માં જ ૫૦ હજારથી વધુ ઈમિગ્રન્ટ્સ નોંધાયા હોય તેવા રાજ્યોની સંખ્યા પાંચ છે. આ સિવાય કોલોરાડો, ફ્લોરિડા, જ્યોર્જિયા, ઈલિનોય, ન્યૂજર્સી, ન્યૂયોર્ક તેમજ વર્જિનિયા પણ એવા રાજ્યો છે કે જ્યાં મોટી સંખ્યામાં અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ રહે છે. જોકે, આ મામલામાં ન્યૂયોર્ક સિટી સૌથી આગળ છે જ્યાં ઓગસ્ટમાં ૧૪.૦૮૪ ઈમિગ્રન્ટ્સ આવ્યા હતા, જ્યારે ટેક્સાસનું હ્યુસ્ટન શહેર તેમાં બીજા નંબરે છે.

૧૦ સપ્ટેમ્બર ૨૦૨૩ની સ્થિતિ અનુસાર હાલ ૩૫ હજારથી પણ વધુ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ જેલમાં છે, જેમાંથી સૌથી વધુ ૧૦ હજાર કેદીઓ ટેક્સાસમાં છે જ્યારે લ્યૂઝિયાનામાં સાડા ચાર હજાર અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ જેલમાં બંધ છે. એટલું જ નહીં, જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હોય પરંતુ જેમના પર હાલ નજર રાખવામાં આવી રહી છે તેવા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની સંખ્યા ૧.૯૭ લાખ નોંધાઈ છે. ડિપોર્ટેશનથી બચવા માટે મોટાભાગના અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ અસાયલમ એટલે કે શરણાગતિની અપીલ ફાઈલ કરતા હોય છે. હાલ ઈમિગ્રેશન કોર્ટ્સમાં ડિપોર્ટેશનના લાખો કેસો પેન્ડિંગ છે.

### દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા અંગે ચર્ચા કરી

# વિદેશમંત્રી એસ જયશંકર અને અમેરિકી વિદેશમંત્રીની મુલાકાત

### વિદેશમંત્રી એસ જયશંકરે લખ્યું કે અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકન સાથે મુલાકાત કરીને ખુબ સારું લાગ્યું

। નવી દિલ્હી, તા.૨૯ ।



એક ખાલિસ્તાની આતંકીની હત્યા પર ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા કૂટનીતિક તણાવ વચ્ચે વિદેશમંત્રી એસ જયશંકરે અમેરિકાના વિદેશમંત્રી એન્ટની બ્લિંકન સાથે મુલાકાત કરી અને દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા અંગે ચર્ચા કરી. વિદેશ વિભાગમાં આ મુલાકાત અગાઉ બ્લિંકન સાથે મીડિયા સામે જયશંકરે કહ્યું હતું કે અહીં આવીને સારું લાગ્યું...જી૨૦ સંમેલન માટે તમામ પ્રકારના સહયોગ બદલ અમેરિકાનો આભાર.

અમેરિકાના વિદેશમંત્રી એન્ટોની બ્લિંકને કહ્યું કે જી૨૦ અને ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્ર સહિત છેલ્લા કેટલાક સપ્તાહમાં વિવિધ અવસરોએ તેમની સારી ચર્ચા થઈ છે. તેમણે કહ્યું કે તેઓ પોતાના ભારતીય સમકક્ષ સાથે ચર્ચા અંગે આશાસ્પદ છે. આમ તો બંને નેતાઓએ મીડિયાના કોઈ સવાલનો જવાબ આપ્યો નહીં. આમ તો બંને પક્ષના અધિકારીઓ આ મંત્રણાના એજન્ડાને લઈને ચૂપ્પી સાધી બેઠા છે પરંતુ અમેરિકાના બે મિત્રો વચ્ચે હાલનું જે કૂટનીતિક સંકટ છે તેના પર ફોકસ રહે તેવી સંભાવના છે. વિદેશમંત્રી જયશંકરે લખ્યું કે આજે અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકન સાથે મુલાકાત કરીને ખુબ સારું લાગ્યું. પીએમ નરેન્દ્ર મોદીના જૂન પ્રવાસ બાદ વ્યાપક ચર્ચા થઈ. આ સાથે જ વૈશ્વિક વિકાસ પર નોટ્સનું આદાન પ્રદાન કર્યું. બહુ જલદી થવા રહેલી ૨ ૨ મીટિંગનો પાયો રખાયો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા મેથ્યુ મિલરે પત્રકારોને જણાવ્યું કે, હું આ અંગે કોઈ પૂર્વાનુમાન વ્યક્ત કરવા માંગતો નથી કે તેઓ (બ્લિંકન) બેઠકમાં (જયશંકર સાથે) શું વાતચીત કરશે. પરંતુ જેવું અમે સ્પષ્ટ કર્યું છે, અમે તેને ઉઠાવ્યો છે, અમે તેમને કેનેડાની તપાસમાં સહયોગ કરવા માટે કહ્યું છે અને અમે તેના માટે પ્રોત્સાહિત કરવાનું ચાલું રાખીશું.

બંને દેશો વચ્ચેના વિદેશમંત્રીઓની બેઠકની યોજના કેનેડા સંકટના ઘણા સમય પહેલા તૈયાર થઈ હતી. અમેરિકા આ વર્ષની શરૂઆતમાં બ્રિટિશ કોલંબિયામાં શીખ આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા મામલે કેનેડાની તપાસમાં ભારતને સહયોગ કરવાની અપીલ કરી રહ્યું છે. કેનેડાએ ભારત પર બ્રિટિશ કોલંબિયામાં નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે.

### ડ્રગ્સ મામલે કોંગ્રેસ નેતાની ધરપકડથી રાજકારણ ગરમાયું

## આપ ઈન્ડિયા સાથે પણ પંજાબ પોલીસની કાર્યવાહી નહીં અટકે : અરવિંદ કેજરીવાલ

### કોંગ્રેસના નેતાની ધરપકડ બાદ ઈન્ડિયા ગઠબંધન પર સવાલના જવાબમાં કેજરીવાલે ગઠબંધન સાથે રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

। નવી દિલ્હી, તા.૨૯ ।



પંજાબમાં ડ્રગ્સ મામલે કોંગ્રેસ નેતા સુખપાલ સિંહ ખૈરાની ધરપકડ કરવામાં આવી છે. ખૈરા ગુરુવારે ફેસબુક લાઈવ કરી રહ્યા હતા, તે દરમિયાન પોલીસે તેમની ધરપકડ કરી છે. હવે આ મામલે મોટો હંગામો જોવા મળી રહ્યો છે અને ઈન્ડિયા ગઠબંધનમાં વિવાદ શરૂ થયો હોવાની વાતો વહેતી થઈ છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી પંજાબના ઘણા નેતાઓ પર કેસ નોંધાયા છે અને તેમાં કેટલાક પૂર્વ મંત્રીઓ પણ સામેલ છે. આવી સ્થિતિમાં ઈન્ડિયા ગઠબંધનની એકતા પર સવાલો ઉઠી રહ્યા છે. આ મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સવાલ કરાયો તો તેમણે કહ્યું કે, અમે ઈન્ડિયા ગઠબંધનની સાથે છીએ. દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા કેજરીવાલે કહ્યું કે, આમ આદમી પાર્ટી ઈન્ડિયા ગઠબંધન માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને આપ ઈન્ડિયા ગઠબંધનથી ક્યારે અલગ નહીં થાય, તેમજ ગઠબંધનના ધર્મને નિભાવવા પણ સંપૂર્ણ કટિબદ્ધ છીએ... જોકે તેમણે એવો સંદેશો પણ આપ્યો કે, પંજાબ પોલીસની કાર્યવાહી અટકવાની નથી... આ મામલે હું કોઈ એક વ્યક્તિ પણ ટિપ્પણી નહીં કરું... આ મામલાની વિગતો અંગે તમારે પંજાબ પોલીસ સાથે વાત કરવી પડશે... પંજાબમાં નશાનો ધંધો વધી રહ્યો છે અને તેની ઉપર સકંજો કસવા ભગવંત માન સરકાર કામ કરી રહી છે.

### બજારમાં સપ્તાહના છેલ્લા સત્રમાં શાનદાર તેજી

# સેન્સેક્સમાં ૩૨૦ પોઈન્ટ, નિફ્ટીમાં ૧૧૫ પોઈન્ટનો ઉછાળો જોવાયો

### ફાર્મા, એફએમસીજી, બેન્કિંગ, ઓટો, મેટલ્સ, મીડિયા, એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરો ઉછાળા સાથે બંધ થયા

। મુંબઈ, તા.૨૯ ।



સપ્તાહના અંતિમ દિવસે શેર માર્કેટમાં શાનદાર તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સમાં આજે ૩૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. આ ઉપરાંત નિફ્ટીમાં પણ ૧૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળી રહ્યો છે. ઑક્ટોબર સિરીઝની શરૂઆત આજે બજારમાં તેજી સાથે થઈ છે. સેન્સેક્સ અને નિફ્ટી ઉછાળા સાથે બંધ થયા છે. આઈટી સિવાય બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો છે. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૩૨૦.૦૯ પોઈન્ટ્સ અથવા ૦.૪૯ ટકાના વધારા સાથે ૬૫,૮૨૮.૪૧ પર અને નિફ્ટી ૧૧૪.૭૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૯ ટકાના વધારા સાથે ૧૯૬૩૮.૩૦ પર બંધ રહ્યો હતો. આજના કારોબારમાં ફાર્મા, એફએમસીજી, બેન્કિંગ, ઓટો, મેટલ્સ, મીડિયા, એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઉછાળા સાથે બંધ થયા છે. મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં ઉછાળાને કારણે બંને સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા હતા. આજના કારોબારમાં સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૪ શેર ઉછાળા સાથે અને ૬ નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅર્સમાંથી ૩૯ શૅર્સ ઉછાળા સાથે અને ૧૧ ઘટાડા સાથે બંધ થયા હતા. માર્કેટમાં ઓલરાઉન્ડ ખરીદીમાં ફાર્મા અને મેટલ શેરો મોખરે છે. એનએસઈ પર નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ લગભગ ૩ ટકા વધ્યો છે. બેન્કિંગ, ઓટો રિયલ્ટી સહિતના અન્ય ક્ષેત્રોમાં પણ ખરીદી છે. માત્ર આઈટી સેક્ટરમાં જ વેચાણ થઈ રહ્યું છે. હિન્દાલ્કોનો શેર ૬%ના વધારા સાથે નિફ્ટીમાં ટોપ ગેઈનર છે. અદાણી એન્ટરપ્રાઈઝ ટોપ લૂઝર છે. ગઈકાલે બીએસઈ સેન્સેક્સ ૬૧૦ પોઈન્ટ ઘટીને ૬૫,૫૦૮ પર બંધ થયો હતો. શેરબજારની શરૂઆત આજે પણ તેજી સાથે થઈ હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૩૫ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫૭૪૩ના સ્તર પર ખુલ્યો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીએ આજના કારોબારની શરૂઆત ૫૭ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯૫૮૧ના સ્તરે કરી હતી.

## ભિલોડામાં નશાની હાલતમાં કાર હંકારી યુવકે ૪ લોકોને અડફેટે લીધા

। ભિલોડા, તા.૨૯ ।

બેફામ વાહન હંકારનારાઓમાં કોઈ ડર જાણે કે રહ્યો જ નથી. અકસ્માતોની ઘટનાઓ રોજબરોજ ચોંકાવનારી સામે આવી રહી છે અને જેને લઈ પોલીસની આકરી કાર્યવાહી, છતા બેફિકર ડ્રાઈવિંગના આંકડા ઘટતા જ નથી. અરવલ્લીથી પણ આવાજ સમાચાર સામે આવી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના ભિલોડામાં દારુના નશામાં જ એક યુવકે કારને બેફામ હંકારીને અકસ્માત સર્જ્યો હતો. નશામાં રહેલા કાર ચાલકે ૪ લોકોને અડફેટે લીધા હતા. એક કિશોરને કારના ચાલકે ૨૦૦ મીટર જેટલો ઢસડી લઈ ગયો હતો. નશાની હાલતમાં કારને હંકારીને યુવકે ચાર લોકોને અડફેટે લેવાની ઘટના બાદ સ્થાનિકો રોષે ભરાયા હતા અને કાર ચાલક પર ગુસ્સો ઠાલવ્યો હતો. કાર સાથે ૨૦૦ મીટર કિશોરને ઢસડાવાથી ગંભીર ઈજાઓ પહોંચી હતી અને જેને સ્થાનિક કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. કિશોરનો સદનસીબે જીવ બચી જતા મોટી રાહત સર્જાઈ હતી. જોકે ઘટના બાદ હવે સ્થાનિક પોલીસે સફાળી જાગી હોય એમ કાર્યવાહી કરવાનો પ્રયાસ કર્યો હતો.

**વિશેષ**

### માં અંબાના આશીર્વાદથી મેળો સુખરૂપ સંપન્ન થયો : કલેક્ટર વરુણકુમાર બરનવાલ

# બનાસકાંઠા કલેક્ટર વરુણકુમાર બરનવાલે શક્તિપીઠ અંબાજી મંદિરે ભક્તિભાવપૂર્વક ધ્વજારોહણ કર્યું

### ભાદરવી પૂનમ ભરવા ભારતભર અને ગુજરાતના ખૂણે ખૂણેથી દર્શન કરવા માઈભક્તો ઉમટ્યા









ભાદરવી પૂનમના ઐતિહાસિક દિવસ અને ખાસ ભાદરવી પૂનમના દિવસે માઈભક્તોનો મહેરામણ માં અંબેના દર્શન કરવા, માં નું સાનિધ્ય પ્રાપ્ત કરવા કરવા માટે માં ના દ્વારે ઉમટી પડ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર પણ માં ના આશીર્વાદ લેવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલની અધ્યક્ષતામાં મંદિરે પહોંચીને ધ્વજારોહણ કર્યું હતું.

સતત સાત દિવસ સુધી ચાલેલા શ્રદ્ધાના મહાકુંભમાં લાખો યાત્રિકોની સેવા, સલામતી, સુરક્ષા અને રહેવાની જમવાની એમ તમામ સગવડોની વ્યવસ્થા કરવામાં આવી હતી. આટલા મોટા આયોજનને પહોંચી વળવું એ માં અંબાના આશીર્વાદ વગર શક્ય નહોતું એમ જણાવી કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલે માં અંબા ને શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. તેમજ રાજ્ય સરકાર, સમગ્ર ટીમ બનાસકાંઠા, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, જિલ્લા વહીવટીતંત્ર, સેવાભાવી સંસ્થાઓ સહિતનો આભાર માન્યો હતો. માં અંબાને પૂનમના પવિત્ર દિવસે ધ્વજારોહણ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરે સહિતના વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ પણ જોડાયા હતા. તા. ૨૩ સપ્ટેમ્બર થી શરૂ થયેલા અંબાજી ભાદરવી પૂનમના મેળામાં ૨૯ મી સપ્ટેમ્બરને ભાદરવી પૂનમને મેળાના અંતિમ દિવસે લાખો શ્રદ્ધાળુઓ માં ના દર્શન માટે ઉમટ્યા હતા. શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાના આ મહાકુંભ સમા મેળામાં દર્શનાર્થીઓ આંનદ ઉલ્લાસ અને જય અંબેના જયઘોષ સાથે ઉમટી પડતાં શ્રદ્ધાનો સાગર છલકાયો હતો. માં ના દર્શને ભક્તો પગપાળા, બસમાં, ગાડીમાં એમ વિવિધ પ્રકારે અંબાજી આવ્યા હતા. અને પોતાની બાધા માનતા અને મનોકામના પૂર્ણ કરવા માતાજીને દંડવત દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે જિલ્લા વહીવટી તંત્ર તરફથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરેએ ભક્તિભાવ સાથે માં અંબે ના પાવન મંદિરે ધ્વજારોહણ કર્યું હતું. જિલ્લા વહીવટીતંત્ર ની ટીમે એમના કપ્તાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરે ને ખભે ઊંચકી ચાચર ચોકમાં ગરબે ઘુમવાનો આનંદ માણ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીશ્રી પણ માઇભક્તો સાથે શ્રદ્ધાપૂર્વક માં ના ચાચર ચોકમાં ઢોલ નગારાની રમઝટમાં ઝૂમી ઉઠયા હતા અને માં અંબાનો મેળો સુખરૂપ સંપન્ન થતાં મા અંબાના આશીર્વાદ મેળવ્યા હતા.









### આખું ઝાલોદ નગર ગણપતિ બાપ્પા મોરિયા.....અગલે બરસ તું જલ્દી આ ના નારા સાથે ગુંજી ઉઠ્યું

# ઝાલોદ તાલુકામાં વિઘ્નહર્તાની પ્રતિમાઓનું રામસાગર તળાવમાં આન બાન શાન સાથે શ્રદ્ધા પૂર્વક વિસર્જન

### નગરપાલિકા દ્વારા રામસાગર તળાવ ખાતે લાઇટિંગ, ક્રેન અને તરાપા સાથે તરવૈયાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકામાં આજરોજ ૨૮-૦૯-૨૦૨૩ અનંત ચતુર્થીના પાવન અવસરે નગરના તેમજ ગ્રામીણ વિસ્તારમાંથી આવતા ગણેશજીના વિસર્જન માટે રામસાગર તળાવ ખાતે આવનાર ભાવિક ભક્તો માટે પોલિસ તંત્ર અને નગરપાલિકા દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલિસ તંત્ર નગરમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સતત પેટ્રોલીંગ તેમજ ગણેશજીની પ્રતિમા સાથે પોલિસ બંદોબસ્ત કરી કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. પોલિસ તંત્ર દ્વારા ખાનગી ડ્રેસમાં તેમજ ડ્રોન કેમેરા તેમજ મોબાઈલ કેમેરા સાથે દરેક વિસ્તારમાં ખડેપગે બંદોબસ્તમાં તેમજ સતત નગરમાં ચારેબાજુ ડ્રાઈવ કરતી જોવા મળતી હતી. ઝાલોદ તાલુકામાં વિઘ્નહર્તા ગણેશજી ની પ્રતિમાઓનું ભક્તો દ્વારા ભક્તિભાવ પૂર્વક સ્થાપના મોટા પ્રમાણમાં અલગ અલગ વિસ્તારોમાં કરવામાં આવી હતી. દરેક ગણેશ મંડળો દ્વારા વિઘ્નહર્તાને વિદાય આપવા માટે રથ તૈયાર કરવામાં આવેલ હતા. દરેક ગણેશ મંડળોના રથ ખૂબ નયનરમ્ય અને આકર્ષક લાગતા હતા. અલગ અલગ વિસ્તારોના ગણેશ મંડળો પોત પોતાના ડ્રેસ કોડમાં અલગ તરી આવતા હતા.

### ગણેશજીને વિદાય આપતી વેળાએ ભાવવિભોર દ્રશ્યો સર્જાયા દરેક ભક્તોએ અશ્રુ ભીની આંખે બાપ્પાને વિદાય આપી



ગણપતિ બાપ્પાને વિદાય આપવા માટે ભાવિક ભક્તો દ્વારા ડીજે, ઢોલ નગારા, નાશિક બેંડ સાથે રાસ ગરબા તેમજ ભક્તિભાવ સાથે નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. દરેક ભક્તો ભજન સાથે ગણપતિ બાપ્પા મોરિયા જેવા નારા લગાવી નગરને ભક્તિ ભર્યા માહોલમાં રંગી દીધેલ હતું. ભાવિક ભક્તો અબીલ ગુલાલ તેમજ ફૂલોની છોળો ઉડાવતા નાચતા ઝૂમતા જોવા મળતા હતા. નગરમાં વિઘ્નહર્તાની ધાર્મિક શોભાયાત્રામાં મોટાં પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ હતું. શોભાયાત્રામાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો, યુવાનો વિવિધ ભજન મંડળીઓ જોડાયેલ હતી. દરેક ગણેશ મંડળો નગરમાં શોભાયાત્રા શાંતિ પૂર્વક કાઢી ભક્તિમાં લીન થઈ નગરના રામસાગર તળાવ ખાતે પહોંચી ગયેલ હતા. ગણપતિ બાપ્પાની વિદાયની વેળાને આંખોમાં વસાવી લેવાં માટે રામસાગરની ચારે બાજુ નગરના લોકો ગોઠવાઈ ગયેલ હતા. દરેક ભક્તો મોરિયા રે બાપા મોરિયા રે જેવા શબ્દો થી બાપ્પાને અગલે બરસ તું જલ્દી આના ના કોલ સાથે વિદાય આપતા જોવા મળી રહેલ હતા. વિઘ્નહર્તાને વિદાય આપતા પહેલા દરેક ગણેશ મંડળો દ્વારા બાપ્પાની આરતી કરવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા નગરના રામસાગર તળાવ ખાતે સુંદર લાઇટિંગ અને તારાપા તેમજ ક્રેન સાથે તરવૈયાઓની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. બાપ્પાના વિદાય સમયે ભક્તો ભાવુક જોવા મળતા હતા તેમજ આંખોમાં આંસુ સાથે ગણેશજીને ભારે હૈયે વિદાય આપી હતી. નગરમાં ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન શાંતિ પૂર્વક તેમજ કોઈ પણ અનિચ્છનીય બનાવ ન સર્જાતા પોલિસ તંત્રએ પણ રાહત અનુભવી હતી.

### શક્તિપીઠ અંબાજીમાં ભક્તોનું ઘોડાપુર

# ૪૦ લાખથી વધારે ભક્તોએ માં જગદંબાના દર્શન કર્યા

### શ્રદ્ધાનો હોય વિષય ત્યાં પુરાવાની શી જરૂર છે, કંઈક આવા જ દ્રશ્યો શક્તિપીઠ અંબાજીમાં જોવા મળી રહ્યાં છે



। અંબાજી, તા.૨૯ ।

કુલ ૫૧ શક્તિપીઠો પૈકી એક એવા મા આદ્યશક્તિ અંબે માના ધામ અંબાજીમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. ૨૩ સપ્ટેમ્બરથી કુલ સાત દિવસના મેળાનો પ્રારંભ થયો હતો. વર્ષોથી યોજાતા માં અંબાજીના સાત દિવસીય મેળાનો અંતિમ દિવસ હતો. લોકો દૂર દૂરથી અહીં દર્શન કરવા માટે ઉમટી પડે છે. છેલ્લાં છ દિવસમાં અત્યાર સુધીમાં ૪૦ લાખ કરતા વધુ માઈભક્તોએ આદ્યશક્તિના ધામ અંબાજીમાં માતાજીના દર્શન કર્યા છે. કહેવાય છેકે, શ્રદ્ધાનો હોય વિષય ત્યાં પુરાવાની શી જરૂર છે. કંઈક આવા જ દ્રશ્યો અહીં જોવા મળી રહ્યાં છે. અંબાજીમાં માતાજી દર્શન કરવા આવતા માઈભક્તોમાં માતાજી માટે અપાર શ્રદ્ધા છે. એટલાં માટે જ લોકો દૂર દૂરથી અહીં પ ોતાના મનની આશ પુરી કરવા માતાજીના દર્શને આવે છે. જ્યારે કોઈ ધાર્યું કામ પાર પડતા માતાજીના દર્શને આવે છે. તો કોઈ પોતાની બાધા પુરી કરવા અહીં શીશ નમાવવા આવે છે. કોઈ દંડવત કરતા કરતા માતાજીના મંદિરે આવે છે. કોઈ માતાજીની ધજા હાથમાં લઈને માતાજીના મંદિરે આવે છે. કેટલાંય લોકો વર્ષોથી દૂરદૂરથી પગપાળા સંઘમાં માતાજીના મંદિરે આવે છે. લોકો કલાકો સુધી લાઈનોમાં ઉભા રહીને માતાજીના દર્શન કરે છે. માતાજીના દર્શનની સાથો સાથ આવખતે અંબાજીમાં ગબ્બર મુકામે નિર્માણ કરાયેલાં ૫૧ શક્તિપીઠોની આબેહૂબ આભાના દર્શન ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે. ભાદરવી પૂનમના મેળામાં અંબાજીમાં ભક્તોનું ઘોડાપૂર સતત ઉમટી રહ્યું હતું. છેલ્લાં છ દિવસમાં અત્યાર સુધીમાં અંબાજીમાં ૪૦ લાખથી વધુ માઈભક્તોએ દર્શન કર્યાં છે. છેલ્લાં છ દિવસોમાં અંબાજીમાં માતાજીના મંદિરે શક્તિના ધામ શક્તિપીઠમાં કુલ ૨૮૨૨ ધજા ચઢાવવામાં આવી છે. આજે ભાદરવી સુદ પૂર્ણિમાનો મહત્ત્વનો દિવસ છે. શુક્રવાર હોવાથી હંસની સવારી છે. એકાવન શક્તિપીઠ માંથી માતાજીનો રદય અહીં છે. માતાજીના મંદિરમાં મોહનથાળનો પ્રસાદ વર્ષોથી આપવામાં આવે છે. સામાન્ય દિવસોમાં દોઢ લાખ જેટલાં પ્રસાદીના પેકેજનું વિતરણ થતું હોય છે. જોકે, હાલ ભાદવા મહિનાના અંબાજીના મેળામાં પ્રસાદી બમણી થઈ જાય છે. હાલ મેળાને કારણે છેલ્લાં છ દિવસથી એક દિવસમાં ૩ લાખથી વધારે પ્રસાદીના પેકેટનું વિતરણ થાય છે. એમાંય મેળાનો આજે અંતિમ દિવસ હોવાથી આજે ભાદવી પૂનમ હોવાથી પ્રસાદીના પેકેટનો આંકડો ૫ લાખને પાર કરી જાય તો પણ નવાઈ નહીં. પહેલાં લોકો અહીં ચાલતા આવતા હતા. મા જંગદંબાને લોકો પોતાના આપણે પોતાના ઘરે પધારવા આમંત્રણ આપતા હતાં. નવરાત્રિમાં મા જગદંબા લોકોના ઘરે પધારે તેના માટે ભક્તો હાલ તેમને આમંત્રણ આપવા આવી રહ્યાં છે. માં અંબા અહીં ગરબે ગુમે છે. આસો અને ચૈત્રી અને બે ગુપ્ત નવરાત્રિ છે. કુલ ચાર નવરાત્રિ હોય છે.

## ન્યુઝ બોક્ષ

### શામળાજી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર

। અમદાવાદ, તા.૨૯ ।

પવિત્ર યાત્રાધામ શામળાજી મંદિરમાં ભાદરવી પૂનમે દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આવતી કાલે ભાદરવી પૂર્ણિમાં નિમિત્તે દર્શનનો સમય બદલાયો છે. શામળાજી મંદિર વહેલી સવારે એક કલાક વહેલું ખુલશે. શામળાજીમાં ભાદરવા સુદ પૂનમ ૨૯-૦૯-૨૦૨૩ને ગુરુવારના દિવસે ઠાકોરજીના દર્શનનો સમયમાં ફેરફાર કરાયો છે. જે મુજબ આવતીકાલે વહેલી સવારે ૫ કલાકે મંદિરના દ્વાર ખુલી જશે અને મંદિર રાત્રે ૮.૩૦ કલાકે બંધ થશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, યાત્રાધામ શામળાજી મંદિરમાં આવતીકાલે સવારે વહેલી સવારે ૫ કલાકે મંદિરના દ્વાર ખુલ્યા બાદ સવારે ૫.૪૫ કલાકે મંગળા આરતી કરવામાં આવશે. શામળાજી મંદિરે ૮.૩૦ કલાકે શણગાર આરતી યોજાશે. જે બાદ બપોરે ૧૨.૩૦ કલાકે મંદિરના દ્વાર બંધ કરવામાં આવશે. જે બાદ મંદિર ૨.૧૫ કલાકે દ્વાર ખોલવામાં આવશે. ઠાકોરજીની સાંજે ૭ કલાકે સંધ્યા આરતી અને ૮.૧૫ કલાકે શયન આરતી યોજાશે. જે બાદ રાત્રે ૮.૩૦ કલાકે મંદિરના દ્વાર બંધ કરવામાં આવશે.

### રાજ્ય સરકાર ડાંગર, બાજરી, જુવાર, રાગી તેમજ મકાઈની ખરીદી કરશે

। અમદાવાદ, તા.૨૯ ।

રાજ્યના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ સીઝન ૨૦૨૩-૨૪માં રાજ્ય સરકાર દ્વારા ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઈની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવશે. આગામી તા. ૧લી નવેમ્બરથી ૧૫મી જાન્યુઆરી દરમિયાન આ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા કોમન ડાંગર માટે રૂ. ૨૧૮૩ પ્રતિ ક્વિન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂ. ૨૨૦૩ પ્રતિ ક્વિન્ટલ, મકાઈ માટે રૂ. ૨૦૯૦ પ્રતિ ક્વિન્ટલ, બાજરી માટે રૂ. ૨૫૦૦ પ્રતિ ક્વિન્ટલ, હાઈબ્રીડ જુવાર માટે રૂ. ૩૧૮૦ પ્રતિ ક્વિન્ટલ, માલદંડી જુવાર માટે રૂ. ૩૨૨૫ પ્રતિ ક્વિન્ટલ અને રાગી માટે રૂ. ૩૮૪૬ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ નક્કી કરવામાં આવ્યા છે. ખરીદી સમયે ખેડૂતોએ પોતાનું આધારકાર્ડ/ઓળખપ ત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે.લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોએ આગામી તા. ૧લી ઓક્ટોબરથી ૩૧મી ઓક્ટોબર દરમિયાન ફરજીયાત ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. સમગ્ર રાજ્યમાં ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફત પણ ઓનલાઈન નોંધણી કરી શકાશે. આ નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨, ૮-અની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત સહિતના સાધનિક પુરાવાઓની નકલ સાથે અરજી કરવાની રહેશે.

### ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ


# સંજેલીમાં તાલીમ મેળવીને નવોદય વિદ્યાલયમાં પસંદગી મેળવવા બદલ ખુબ ખુબ અભિનંદન

। ઝાલોદ, તા.૨૯ ।



સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંચાલિત છે. જેમાં નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે અનાથ, અપંગ અને અતિ ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન, તાલીમ અને જરૂરી મટીરીયલ આપ વામાં આવે છે.

૨૦૨૩ માં લેવાયેલ જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષામાં બીજા રાઉન્ડમાં સંજેલી તાલુકાના ત્રણ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે જેમાં બારીઆ શિવાનીબેન એન., બામણીયા અધિશકુમાર પી, જાનવીબેન આર. પસંદગી પામ્યા છે તેમને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપ



કુમાર એચ. મકવાણાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.. ઉતરોતર પ્રગતિના શિખરો સર કરો એવી અભિલાષા વ્યક્ત કરી હતી. ન્યુ પાર્થ એજ્યુકેશન ગૃપ સંજેલી દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. પ્રથમ રાઉન્ડમાં ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ પસંદગી પામ્યા હતા.. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીનું પરિણામ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઝળહળતું મેળવીને સમગ્ર સંજેલી વિસ્તારમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. નવોદય વિદ્યાલયમાં પસંદગી પામેલા તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ દિલીપકુમાર મકવાણાએ પાઠવી હતી.



### પ્રકૃતિ મિત્ર મંડળ લીમડી દ્વારા પ્રદૂષણને અટકાવવાના પ્રયાસને મળતી સફળતા

લીમડી પ્રકૃતિ મંડળ દ્વારા નગરમાં સ્થાપના કરવામાં આવેલ દરેક ગણેશ મંડળોને હાકલ કરી હતી કે ભગવાન ગણેશજી ને દસ દિવસ દરમિયાન ફૂલહાર તેમજ પૂજાપો જે પણ ચઢાવે તે નદીમાં ન પધરાવે અને તે ફૂલહાર પ્રકૃતિ મિત્ર મંડળને આપે જેથી આ ચઢાવેલ ફૂલહાર અને પૂજાપાનો ઉપયોગ તે હવન સામગ્રીમાં બનાવવા માટે કરી શકે આમ કરવાથી નદીમાં થતું પ્રદુષણ પણ અટકે અને સુદ્ધ હવન સામગ્રી પણ બને જેથી લીમડીના ગણેશ મંડળો દ્વારા તેમને આપેલ હાકલને સમર્થન મળતા પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા સહુ કોઈનો આભાર વ્યક્ત કરેલ હતો.

### ભાદરવી પૂનમના દિવસે જ ડાકોર મંદિર થયું જળમગ્ન

। ડાકોર, તા.૨૯ ।

એક તરફ ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરમાં ભાદરવી પૂનમના પગલે ભક્તોનું ઘોડાપૂર ઉમટી રહ્યુ છે. ત્યારે બીજી તરફ ખેડા જિલ્લામાં વિદાય લઈ રહેલા ચોમાસા વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો છે. ખાસ કરીને યાત્રાધામ ડાકોરમાં ભારે વરસાદ વરસતા ભક્તો મુશ્કેલીમાં મુકાઈ ગયા. ધોધમાર વરસાદ ખાબકતા ડાકોર મંદિરના પગથિયા સુધી પાણી ભરાઈ ગયા હતા. જેના પગલે ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. ભાદરવી પૂનમના પગલે દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ડાકોર મંદિરમાં ભગવાન રણછોડરાયજીના દર્શન માટે આવતા હોય છે. જો કે ડાકોરમાં પડેલા અનરાધાર વરસાદે ડાકોરમાં શ્રદ્ધાળુઓ માટે હાલાકીનું સર્જન કર્યુ.

મોડીરાત્રે પડેલા વરસાદમાં ડાકોર પાણી પાણી થયું છે. ડાકોર મંદિરના પગથિયા સુધી ભરાયા પાણી ભરાઈ ગયુ. મંદિર નજીકની દુકાનોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે પાણી ભરાતા દર્શનાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.

# કઠલાલ તાલુકાના અપ્રુજી ગામે ભાદરવી પુનમનો ભવ્ય લોકમેળો યોજાયો

। રાજેશ શર્મા આતરસુંબા, તા.૨૯ ।

ભાદરવી પુનમના દિવસે અપ્રુજી ગામે પ્રતિવર્ષ સમસ્ત ગ્રામજનો દ્વારા જગતજનની માં અંબા તથા ખોડિયાર માતાજી મંદિરે પુજા અર્ચના, આરાધના, હવન, શોભાયાત્રા સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો સહિત ભવ્ય લોકમેળાનું આયોજન સમસ્ત અપ્રુજી ગ્રામજનો દ્વારા કરવામાં આવે છે. આજ રોજ અપ્રુજી ગામે યોજાયેલ ભાદરવી પુનમના મેળે હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. આ પ્રસંગે કપડવંજ કઠલાલના જનપ્રિય ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાએ પણ માતાજીના દર્શન કરી આશિર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે સમસ્ત અપ્રૂજી ગામના તમામ આગેવાનો, વડીલો, યુવાનો, માતાઓ બહેનો, સરપંચશ્રીઓ, માજી



સરપંચશ્રીઓ, સહિત હજારોની સંખ્યામાં અબાલવૃધ્ધ સર્વે ભાવિક ભક્તો ધાર્મિક કાર્યક્રમમાં જોડાયા હતા.



જમાલપુર દરવાજાથી મુસ્લિમ સમાજ દ્વારા ઈદ-એ-મિલાદનું ઝુલુસ નિકળ્યું હતું.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી આવી વિવાદમા

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એક વખત ભરતી પ્રક્રિયાને લઈને વિવાદમાં આવી

। રાજકોટ, તા.૨૯ ।

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એક વખત ભરતી પ્રક્રિયાને લઈને વિવાદમાં આવી છે. મેથેમેટિક્સ, એજ્યુકેશન અને હિન્દી ભવનમાં લાગતા વળગતાની ભરતી કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે. મોટાભાગની બેઠકો પર માત્ર એક-એક જ ઉમેદવાર બોલાવી તેને સિલેક્ટ કરી દેવામાં આવતા વિવાદ સર્જાયો છે. જોકે લખનૌની ડો. બાબા સાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીના એજ્યુકેશન ફેકલ્ટીના હેડ હરિશંકર સિંઘે પણ ગંભીર આરોપ લગાવ્યો હતો કે, મેરીટ આધારે પસંદગી કરીશ તેવું કહેતા તેમને ભરતી પ્રક્રિયામાં બોલાવવામાં જ ન આવ્યા. જે શંકા ઉપજાવી રહ્યું છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાયમી પ્રોફેસરો, આસિસ્ટન્ટ પ્રોફેસરોની ભરતી હોઈ કે કરાર આધારિત અધ્યાપકો ભરતી હોઈ દરેક ભરતીમાં વિવાદો થતા આવ્યા છે. આ વખતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૬ ભવનોમાં પ્રોફેસર અને આસી.પ્રોફેસરોની ભરતી કરવાનું નક્કી કર્યું. જોકે ત્રણ ભવનની ભરતી પ્રક્રિયા ટેક્નિકલ કારણોસર અટકાવી દેવામાં આવી. જ્યારે મેથેમેટિક્સ, એજ્યુકેશન અને હિન્દી ભવનમાં ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨